અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : ૦૬ ડિસેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૫ | અંક : ૧૫૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### એકનાથ શિંદે અને અજિત પવારે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

## દેવેન્દ્ર ફડણવીસે ત્રીજી વખત લીધા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદના શપથ

### આઝાદ મેદાનમાં આયોજીત શપથ ગ્રહણ સમારંભમાં રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને ફડણવીસ, શિંદે અને અજિત પવારને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા





। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકાર બની છે. ભાજપના દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. જ્યારે શિવસેનાના એકનાથ શિંદે અને એનસીપી ના અજિત પવારે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. મુંબઈના આઝાદ મેદાનમાં આયોજીત શપથ ગ્રહણ સમારંભમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવારને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. દેવેન્દ્ર ફડણવીસ ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન બન્યા હતા. આ પહેલાની સરકારમાં એકનાથ શિંદે મુખ્યપ્રધાન હતા. જ્યારે બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસ અને એનસીપીના અધ્યક્ષ અજિત પવાર નાયબ મુખ્યપ્રધાનની જવાબદારી સંભાળતા હતા. હવે નવી સરકારમાં નેતૃત્વ બદલાઈ ગયું છે. શપથ ગ્રહણ સમારોહ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારસાથે ફોટો શૂટ કરાવ્યું હતું. પવાર અને ઉદ્ધવ ઠાકરે આજે શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા ન હતા. મહા વિકાસ અઘાડીના કોઈ નેતા શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા નહોતા. મહાયુતિએ શપથ લેવા માટે વિપક્ષને આમંત્રણ પણ મોકલ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વા સરમા, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, બિહારના મુખ્ય પ્રધાન નિતીશ કુમાર, અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખંડુ, ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર ધામી અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનો આ કાર્યક્રમ માટે મુંબઈ આવી રહ્યા છે. સલમાન ખાન, શાહરૂખ ખાન, સચિન તેંડુલકર, વિક્રાંત મેસ્સી, જય કોટક, એકતા કપૂર, મુકેશ અંબાણી, અનંત અંબાણી, જાન્હવી કપૂર, વિદ્યા બાલન, સિદ્ધાર્થ કપૂર, વરુણ ધવન, અનિલ અંબાણી, માધુરી દીક્ષિત, શ્રીરામ નેને, રણવીર કપૂર, રણબીર કપૂર, રણવીર સિંઘ, ગીતાંજલિ કિર્લોસ્કર, બિરેન્દ્ર સરાફ, રાજેશ અદાણી, મનોજ સૌનિક, કે. કે. તાતેડ, મૃદુલા ભાટકર, નિખિલ મેસવાણી, હેતલ મેસવાણી, નીરજા ચૌધરી, યોગેશ પુઢારી, રોહિત શેટ્ટી, અર્જુન કપૂર, સતીશ મહેતા, એટલી, બોની કપૂર, શ્રદ્ધા કપૂર, બાદશાહ, જયેશ શાહ, જ્હોન અબ્રાહમ, વિકી કૌશલ, ખુશી કપૂર, રૂપાલી ગાંગુલી, સુધાકર શેટ્ટી, ધવલ મહેતા, આલોક સંઘવી, જ્યોતિ પારેખ, આલોક કુમાર, અરવિંદ કુમાર સહિત અનેક સેલિબ્રિટીઓ કાર્યક્રમમાં હાજર લોકોમાં જોવા મળ્યા હતા. ગુરુવારે (ડિસેમ્બર ૫) મહારાષ્ટ્રમાં એક ભવ્ય સમારોહની વચ્ચે દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ નવી મહાયુતિ સરકારની રચના કરવામાં આવી હતી. એકનાથ શિંદે છેલ્લી ઘડીએ ડેપ્યુટી સીએમ પદ સંભાળવાનો નિર્ણય લીધો હતો. તેમણે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે હોદ્દા અને ગુપ્તતાના શપથ પણ લીધા હતા, પરંતુ એવું માનવામાં આવે છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં હજુ ચિત્ર જોવાનું બાકી છે. મંત્રાલયોની વહેંચણીનો મુદ્દો હજુ ઉકેલાયો નથી. સૂત્રોનું માનીએ તો જો મુંબઈમાં મામલો નહીં ઉકેલાય તો મામલો દિલ્હી પહોંચશે.

### ઈસરોએ ફરી એક વાર ઈતિહાસ રચી દીધો

## યૂરોપીય સ્પેસ એજન્સીના PRO-BA-3 મિશનનું સફળ લોન્ચિંગ કરાયું

### ગુરુવારે શ્રીહરિકોટા સતીશ ધવન સ્પેસ સેન્ટરથી PROBA-3 મિશનને સફળતાપૂર્વક અંતરિક્ષની કક્ષામાં પ્રસ્થાપિત કરી દેવામાં આવ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ઈંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈસરોએ ફરી એક વાર ઈતિહાસ રચી દીધો છે. ઈસરોએ યૂરોપીય સ્પેસ એજન્સીના PROBA-3 મિશનને સફળતાપૂર્વક લોન્ચ કરી દીધું છે. PSLV-C59 લોન્ચ વ્હીકલની મદદથી આ મિશનને ઓરબિટમાં સ્થાપિત કર્યું છે. તેની સાથે બે સ્પેસક્રાફ્ટને સ્પેસમાં મોકલવામાં આવ્યા છે. ઈસરોએ મિશનના લોન્ચિંગને સફળ ગણાવતા કહ્યું કે, આ એનએસઆઈએલ,ઈએસએ અને ઈસરોની ટીમના સંયુક્ત પ્રયાસ અને સમર્પણને દર્શાવે છે. ESA ના PROBA-3 મિશનને બુધવારે જ લોન્ચ કરવાનું હતું, પણ લોન્ચ વ્હીકલમાં ટેકનિકલી ખરાબી આવવાના કારણે



તેનું લોન્ચિંગ ટાળી દેવામાં આવ્યું હતું. હવે ગુરુવારે શ્રીહરિકોટા સતીશ ધવન સ્પેસ સેન્ટરથી PROBA-3 મિશનને સફળતાપૂર્વક અંતરિક્ષની કક્ષામાં પ્રસ્થાપિત કરી દેવામાં આવ્યું છે. પ્રોબો-૩ મિશન સાથે બે ખાસ સ્પેસક્રાફટને પણ લોન્ચ કરવામાં આવ્યા છે.

### બેલેટ પેપર દ્વારા પુનઃ મતદાન કરાવનાર સામે કેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।


મહારાષ્ટ્રના સોલાપુરના મરકડવાડી ગામ અને આસપાસના વિસ્તારોના ૨૦૦ થી વધુ લોકો સામે કથિત રીતે અનધિકૃત રીતે બેલેટ પેપરનો ઉપયોગ કરીને "ફરી મતદાન" કરાવવાનો પ્રયાસ કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી.ખોટી માહિતી ફેલાવવાનો આરોપપોલીસે કહ્યું કે તેના પર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન વિશે ખોટી માહિતી ફેલાવવાનો પણ આરોપ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મરકડવાડીના કેટલાક ગ્રામજનો દ્વારા લેવાયેલું પગલું ગેરકાયદેસર છે કારણ કે કોઈ પણ સંજોગોમાં બેલેટ પેપરનો ઉપયોગ કરીને 'ફરી મતદાન' કરાવવાની કોઈ જોગવાઈ નથી. દરમિયાન, કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમના વડા નાના પટોલેએ માર્કડવાડીના રહેવાસીઓની હિંમતની પ્રશંસા કરી અને કહ્યું કે તેઓએ લોકશાહીની સુરક્ષા માટે લડતમાં પ્રથમ પગલું ભર્યું છે.

### લડાઇ ચાલુ રહેશે તો ઇઝરાયેલ હંમેશા માટે બંધકોને ગુમાવી દેશે: આતંકી સંગઠને ચીમકી આપી

## ગાઝા પટ્ટી પર કરાયેલા ઇઝરાયેલના જુદાજુદા હુમલામાં 33 ઇઝરાયેલી બંધકોના મોત : હમાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

આશરે ૧૪ મહિનાથી લડાઈ લડી રહેલા હમાસે જાહેર કર્યું છે કે, ગાઝા પટ્ટી પર કરાયેલા ઈઝરાયેલના જુદાજુદા હુમલામાં ૩૩ ઈઝરાયેલી બંધકોના મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કેટલાક લાપતા છે. હમાસે સોમવારે પોસ્ટ કરેલા વીડિયોમાં માહિતી આપી હતી. જેમાં ગાઝાના વિવિધ વિસ્તારોમાં બંધકોને રાખવામાં આવ્યા હતા એ વિસ્તારોમાં ઈઝરાયેલના અગાઉના હુમલાના ફૂટેજ હતા. હમાસે જણાવ્યું હતું કે, "ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના સતત આક્રમણને કારણે દુશ્મનોના કેદીઓના મૃત્યુ વધી રહ્યા છે." તેણે ઈઝરાયેલને ચેતવણી આપી હતી કે, "લડાઈ આવી રીતે ચાલુ રહેશે



તો તમે હંમેશા માટે બંધકોને ગુમાવી દેશો. એટલે મોડું થાય એ પહેલાં પગલાં લો." હમાસની લશ્કરી શાખા અલ-કાસમ બ્રિગેડ્સે શનિવારે જારી કરેલા વીડિયોના બે દિવસ પછી હમાસે વીડિયો પોસ્ટ કર્યો છે. અલ-કાસમના વીડિયોમાં અમેરિકાનું નાગરિકત્વ ધરાવતા ઈઝરાયેલના કેદીને ગાઝામાં બંધક તરીકે દર્શાવાયો હતો. એડન એલેકઝાંડર નામની વ્યક્તિએ જણાવ્યું હતું કે, "મને ૪૨૦ કરતાં પણ વધુ દિવસથી બંધ તરીકે રાખવામાં આવ્યો છે." તેણે ઈઝરાયેલની સરકાર અને નવા અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પને ગાઝામાં રહેલા બાકીના બંધકોને છોડાવવાની વિનંતી કરી હતી. દરમિયાન ઈઝરાયેલના લશ્કરે સોમવારે જાહેર કર્યું હતું કે, "અગાઉ ગાઝામાં બંધક તરીકે હોવાનું મનાતા ઈઝરાયેલી-અમેરિકન સૈનિક મૃત્યુ પામ્યો હોવાની આશંકા છે." લશ્કરના નિવેદનમાં જણાવ્યા અનુસાર ૨૧ વર્ષના સૈનિકની ઓળક કેપ્ટન ઓમર મેક્સિમ ન્યુટ્રા તરીકે થઈ હતી. તે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસના અણધાર્યા હુમલામાં માર્યો ગયો હતો. ઈઝરાયેલી લશ્કરના જણાવ્યા અનુસાર ન્યુટ્રાનો મૃતદેહ હમાસે ગાઝામાં રાખ્યો છે.

## મંદિરો વિરોધી ૧૯૯૧નો કાયદો રદ કરવા સુપ્રીમ કોર્ટમાં અપીલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટમાં ૧૯૯૧ના પ્લેસ ઓફ વર્શીપ એક્ટ વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી દાખલ કરનાર એડવોકેટ વિષ્ણુ શંકર જૈને કહ્યું કે અમે આ કાયદાની બંધારણીય માન્યતાને પડકારી છે. તેમણે કહ્યું કે જમીયત-ઉલેમા-એ-હિંદ અને કેટલાક અન્ય લોકો વતી આ કાયદા વિશે કહેવામાં આવે છે કે આ અંતર્ગત તમે રામ મંદિર સિવાય અન્ય કોઈ કેસમાં કોર્ટનો સંપર્ક કરી શકતા નથી, આ ખોટું છે.

મહત્વની વાત એ છે કે આ કાયદા હેઠળ કટ ઓફ ડેટ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭



રાખવામાં આવી છે. પરંતુ તે ૭૧૨ એડી હોવું જોઈએ. તેમણે કહ્યું કે મોહમ્મદ બિન કાસિમે ૭૧૨માં હુમલો કર્યો હતો. ત્યારપછી હુમલા ચાલુ રહ્યા અને મંદિરો તોડી પાડવામાં આવ્યા હતા તેથી, જો કોઈ તારીખ નક્કી કરવી હોય તો તે ૭૧૨ ની હોઈ શકે છે, જેના પછી ધાર્મિક સ્થળોને તોડી પાડવામાં આવ્યા હતા. તારીખ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ નક્કી કરવી એ ગેરબંધારણીય છે. જૈને કહ્યું કે સંસદ એવો કાયદો કેવી રીતે બનાવી શકે, જે લોકોના કોર્ટમાં જવાના મૂળભૂત અધિકારને નકારે છે. આ બંધારણની મૂળ ભાવનાની પણ વિરુદ્ધ છે. આ કાયદો બંધારણની કલમ ૧૪,૧૫, ૧૯,૨૧ અને ૨૫માં આપવામાં આવેલા અધિકારોનું ઉલ્લંઘન કરે છે. આ કાયદાને પડકારતી અરજી માર્ચ ૨૦૨૧માં જ દાખલ કરવામાં આવી હતી. તેના પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. આ પછી તેણે તમામ અરજીઓ એકસાથે સાંભળવાનું નક્કી કર્યું હતું. આજે ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે સુનાવણી હાથ ધરી હતી.

૧૯૯૧માં જ્યારે રામ મંદિર આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે પ્લેસ ઓફ વર્શીપ એક્ટ લાવવામાં આવ્યો હતો. આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે રામ મંદિર સિવાય અન્ય તમામ ધાર્મિક સ્થળોમાં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં આવે. એટલે કે જો ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ મસ્જિદ હતી તો તેને સમાન ગણવી જોઈએ અને જો મંદિર હતું તો તેની રચનામાં કોઈ ફેરફાર ન કરવો જોઈએ.

### હત્યાનો વિડીઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયો

## અમેરિકામાં હેલ્થકેરની મોટી કંપનીના CEOની ગોળી મારી હત્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં સ્વાસ્થ્ય ક્ષેત્રની દિગ્ગજ કંપની યુનાઈટેડ હેલ્થકેરના સીઈઓની ગોળી મારી હત્યા કરી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. તેમને મેનહટ્ટનમાં એક હોટેલની બહાર બુધવારે ગોળી મારવામાં આવી હતી. પોલીસે આ ટારગેટ કિલિંગનો મામલો ગણાવ્યો છે. જોકે આ ઘટનાનો સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં તેમને પાછળથી આવેલો હુમલાખોર ગોળી મારતો દેખાય છે. ઝઈ બ્રાયન થોમ્પસનને મેનહટ્ટનની હોટેલની બહાર સવારે ૬:૪૫ વાગ્યે ગોળી મારી દેવામાં આવી હતી. તે આ હોટેલમાં કંપનીના વાર્ષિક ઈન્વેસ્ટર કોન્ફ્રેન્સમાં સામેલ થવા ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલે લઈ જવાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા.

### ૨૦૦ થી વધારે હિન્દુ પરિવારોની હિજરત

## ઉગ્રવાદીઓની ભીડે ૧૦૦ થી વધારે હિન્દુઓના ઘરમાં તોડફોડ કરી

। (એજન્સી) ઢાકા, તા.૫ ।

બાંગ્લાદેશમાં હિન્દુઓની સામે થઈ રહેલી હિંસાની ઘટના સતત વધી રહી છે. યૂનુસ સરકારના વચન છતાં અલ્પ સંખ્યકોને નિશાનો બનાવવામાં આવી રહ્યા છે. સુમનગંજ જિલ્લામાં કટ્ટરપંથીઓની ભીડ હિન્દુઓના ઘર પર હુમલા કરી રહી છે. થોડા દિવસો પહેલાં હિન્દુઓના ઘર પર હુમલો કરવામાં આવ્યો હતો. એક ફેસબુક પોસ્ટમાં હિન્દુ યુવક ઈશ નિંદાનો આરોપ લગાવી હિંસાને અંજામ આપવામાં આવ્યો હતો. ઉગ્રવાદીઓની ભીડે ૧૦૦ થી વધારે હિન્દુઓના ઘરમાં તોડફોડ કરી. ઘરમાં બનેલા પૂજા સ્થળો અને મંદિરોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. જોકે, સમગ્ર ઘટનામાં પોલીસે ઈશનિંદાના આરોપ માં સુમનગંજના મંગલાર ગામના રહેવાસી ૨૦ વર્ષીય આકાશ દાસની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, હાલ ૨૦૦ થી વધારે હિન્દુ પરિવારો હિજરત કરી ચુક્યા છે. સમગ્ર સત્તા પરિવર્તન અને હિંસાની વધતી જતી ઘટના બાદ બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ પહેલીવાર સાર્વજનિક સંબોધન કર્યું છે. બાંગ્લાદેશના વિજય દિવસ પર ન્યૂયોર્કના એક કાર્યક્રમમાં પોતાના વર્ચ્યુઅલ સંબોધનમાં હસીનાએ યૂનુસ સરકાર પર અલ્પસંખ્યકો ખાસ કરીને હિન્દુઓ પર પૂર્વનિયોજિત નરસંહારનો આરોપ લગાવ્યો છે.

### ફ્રાન્સમાં મોટું રાજકીય સંકટ

## ઈતિહાસમાં પહેલીવાર વડાપ્રધાન સત્તાથી બેદખલ

। (એજન્સી) પેરિસ, તા.૫ ।

ફ્રાન્સમાં સરકાર પડી ગઈ છે. ફ્રાન્સના દક્ષિણપંથી અને વામપંથી સાંસદોએ બુધવારે અવિશ્વાસ પ્રસ્તાવ લાવીને વડા પ્રધાન મિશેલ બાર્નિયરને સત્તા પરથી હટાવી દીધા છે. બજેટ વિવાદોને કારણે લાવવામાં આવેલી આ દરખાસ્ત પસાર થયા બાદ વડાપ્રધાન બાર્નિયર અને તેમના મંત્રીમંડળના સભ્યોએ રાજીનામું આપવું પડ્યું હતું. ૧૯૬૨ પછી આ પ્રથમ વખત છે જ્યારે દેશમાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. દેશના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પર પણ રાજીનામું આપવાનું દબાણ છે. જોકે, તેમણે કહ્યું છે કે તેઓ ૨૦૨૭ સુધી તેમનો કાર્યકાળ પૂરો કરશે. બુધવારે ળાન્સની નેશનલ એસેમ્બલીએ ૩૩૧ વોટથી પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ માટે ઓછામાં ઓછા ૨૮૮ વોટની જરૂર હતી. જૂન-જુલાઈમાં યોજાયેલી સંસદીય ચૂંટણી બાદ ફ્રાન્સની સંસદ ત્રણ મોટા ભાગમાં વહેંચાઈ ગઈ હતી. કોઈ એક પક્ષને સંપૂર્ણ બહુમતી મળી નથી. વિભાજન બાદ ઈમેન્યુઅલ મેક્રોને બીજી વખત નવા વડાપ્રધાનની નિમણૂક કરવી પડશે. મેક્રોન આજે સાંજે રાષ્ટ્રને સંબોધિત કરશે. એવી અપેક્ષા છે કે બાર્નિયર ત્યાં સુધીમાં ઔપચારિક રીતે રાજીનામું આપશે.પ્રસ્તાવિત બજેટ સામે બાર્નિયરના વિરોધથી સમગ્ર વિવાદ શરૂ થયો હતો. ફ્રાન્સની સંસદના નીચલા ગૃહ નેશનલ એસેમ્બલીમાં કોઈ એક પક્ષ પાસે બહુમતી નથી. તેમાં ત્રણ મુખ્ય જૂથોનો સમાવેશ થાય છે - મેક્રોનના કેન્દ્રવાદી સહયોગી,વામપંથી ગઠબંધન ન્યૂ પોપ્યુલર ફ્રન્ટ અને દક્ષિણપંથી નેશનલ રેલી. બંને વિપક્ષી જૂથો, જે સામાન્ય રીતે અસંમત હોય છે.

### ગુજરાત ગેસ પાઇપલાઇન પ્રોજેક્ટને લઈને ખેડૂતોમાં નારાજગી

## ખેડૂતો અને પોલીસકર્મીઓ પંજાબમાં આમને-સામને !!

। (એજન્સી) ચંદીગઢ, તા.૫ ।

પંજાબના માનસામાં મોટી બબાલ થઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. ખેડૂતો અને પોલીસ વચ્ચે હિંસક અથડામણમાં અનેક પોલીસકર્મી ઘાયલ થયા છે. પ્રદર્શન કરી રહેલા ખેડૂતો પર પોલીસે લાઠીચાર્જ કરતાં તેના જવાબમાં ખેડૂતોએ પણ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. હિંસક અથડામણમાં ત્રણ પોલીસ મથકના અધ્યક્ષ અને અનેક પોલીસકર્મી ઈજાગ્રસ્ત થયા છે. જ્યારે એક SHO ઓના બંને હાથ તૂટી ગયા છે. બીજી તરફ ખેડૂતો પણ ઘાયલ થયા હોવાની માહિતી મળી છે. તમામ ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે માનસાના લેલેવાલા ગામમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન ખેડૂતો અને પોલીસ અધિકારીઓ સહિત ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ખેડૂતોએ મનસાથી લઈને લેલેવાલા સુધી માર્ચ કાઢતાં તણાવ વધી ગયો હતો. ગુજરાત ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટને લઈને ખેડૂતોની સરકાર સાથે અસહમતિ છે. પોલીસનું કહેવું છે કે જ્યારે ખેડૂતો ઉત્તેજિત થઈ ગયા તો લાઠીચાર્જ કરવો પડ્યો. SHO ભીખીને ગંભીર ઈજા પહોંચી છે. તેના બંને હાથમાં ગંભીર ઈજા પહોંચી છે. અથડામણ દરમિયાન અન્ય બે પોલીસકર્મી સહિત ઘણા પોલીસ અધિકારીઓને ઈજા પહોંચી છે.

# અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળા-૨૦૨૪ માં ભારતીય ટપાલ વિભાગનો સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યો, શ્રી રામ જન્મભૂમિ મંદિર અને ખાદીની ટપાલ ટિકિટોનું વિપુલ પ્રમાણમાં વેચાણ થઈ રહ્યું છે

## સાહિત્ય, કલા અને સંસ્કૃતિને જોડવામાં પુસ્તકો અને ટપાલ ટિકિટો મહત્વની ભૂમિકા ભજવે છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ







। અમદાવાદ, તા.૫ ।

અમદાવાદમાં યોજાઈ રહેલા પ્રથમ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં (૩૦ નવેમ્બર-૮ ડિસેમ્બર ૨૦૨૪) જ્યાં લોકો પુસ્તકો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે, ત્યાં જ ડાક ટિકિટો દ્વારા પણ તેઓ સાહિત્ય, કલા, સંસ્કૃતિ, શિક્ષણ, આધ્યાત્મિકતા, વારસાના વિવિધ પાસાઓથી પણ પરિચિત થઈ રહ્યા છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, નેશનલ બુક ટ્રસ્ટ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નેજા હેઠળ આયોજિત આ પુસ્તક મેળામાં ભારતીય ટપાલ વિભાગનો સ્ટોલ પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, આ સ્ટોલ ડાક ટિકિટોનો સંગ્રહ અને તેના મહત્વ અંગે યુવાનોમાં જાગૃતિ ફેલાવવાનો એક પ્રયાસ છે, જે જ્ઞાન અને સાહિત્યના પ્રચાર-પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે.

અહીં વિવિધ પ્રકારના ડાક ટિકિટ, વિશેષ આવરણ, શ્રી રામ જન્મભૂમિ મંદિર પર આધારિત સુગંધિત ડાક ટિકિટ સેટ, ખાદી પોસ્ટકાર્ડ, વર્ણમાળા ફિલાટેલી પુસ્તકો, કોફી મગ, ટી-શર્ટ સહિત અનેક ફિલાટેલિક ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. પુસ્તક મેલા મુલાકાત પછી, અહીં બાળકો દ્વારા પોતાના અનુભવોને સંરક્ષિત કરતા પત્રો મોકલવાની સુવિધા પણ અહીં ઉપલબ્ધ છે. આ દ્રશ્ય બાળકોની સર્જનાત્મકતા અને ટપાલ સેવા પ્રત્યેની તેમની ઉત્સુકતા દર્શાવે છે. પુસ્તક મેળામાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથેના વિવિધ સેલ્ફી પોઈન્ટ્સ જેવા કે ભારતના બંધારણનું પુસ્તક સાથે નો સેલ્ફી પોઈન્ટ પણ યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર છે.

ઉત્તર ગુજરાત પરીક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે પુસ્તક મેળો લોકોને સાહિત્ય અને સંસ્કૃતિ સાથે જોડવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. તે જ સમયે, પોસ્ટલ વિભાગ યુવાનોમાં તેમની સંસ્કૃતિ અને પરંપરાઓ વિશે અન્વેષણ કરવા માટે શોખ તરીકે ફિલેટીને પણ પ્રોત્સાહન આપી રહ્યું છે. દરેક ટપાલ ટિકિટ પાછળ એક કથા છુપાયેલી હોય છે અને આજની યુવા પેઢીને આ વાર્તા સાથે જોડવાની જરૂર છે. ગુજરાતની ધરતી પર જન્મેલા 'રાષ્ટ્રપિતા' મહાત્મા ગાંધીએ પોતાના વિચારો અને કાર્યોથી સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠા મેળવી હતી, એટલે જ તો મહાત્મા ગાંધી પર દુનિયાના મોટાભાગના દેશો દ્વારા ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. શ્રી યાદવે ધ્યાન દોર્યું હતું કે, આ ટિકિટ વાસ્તવમાં એક નાનો રાજદૂત છે, જે વિવિધ દેશોની મુલાકાત લે છે અને તેમને તેમની સભ્યતા, સંસ્કૃતિ અને વારસાથી વાકેફ કરે છે. ભારત સરકારના બંને વિભાગો એટલે કે શિક્ષણ અને ટપાલ વિભાગ, શિક્ષણ અને માહિતીનો પ્રસાર કરવા માટે સામૂહિક પ્રયાસ કરી રહ્યા છે. આ કાર્યક્રમ લોકોમાં જ્ઞાન રસ, જિજ્ઞાસા અને સાહિત્યિક અને શૈક્ષણિક સંવેદનશીલતાને પ્રોત્સાહન આપવા માટેનો એક મહત્વપૂર્ણ પ્રસંગ છે.

સહાયક નિયામક એમ.એમ.શેખે માહિતી આપી હતી કે પુસ્તક મેળામાં 'માય સ્ટેમ્પ' અને 'ફિલાટેલી ડિપોઝિટ એકાઉન્ટ'ની સુવિધા પણ ઉપલબ્ધ છે. "માય સ્ટેમ્પ" સેવા હેઠળ, લોકો ટપાલ ટિકિટ પર તેમનો ફોટો, કોઈ ચોક્કસ દ્રશ્ય અથવા કોઈ ચોક્કસ ડિઝાઈન પ્રિન્ટ કરાવી શકે છે. ૧૨ સ્ટેમ્પની માય સ્ટેમ્પ શીટ માત્ર ૩૦૦માં બનાવવામાં આવે છે. અલગ-અલગ રાશિ, જન્મદિવસ, શુભ લગ્ન, વર્ષગાંઠ, નિવૃત્તિ જેવી તમામ યાદગાર ક્ષણો માટે આપ આપના કે આપના પરિવારની તસવીર ટપાલ ટિકિટ પર મૂકી શકો છો. માત્ર ૨૦૦માં 'ફિલાટેલી ડિપોઝિટ એકાઉન્ટ' ખોલીને તમે રંગબેરંગી ટપાલ ટિકિટ અને અન્ય ફિલાટેલિક વસ્તુઓ ઘરે બેઠા મેળવી શકો છો. ફિલાટેલિક વસ્તુઓ માં રસ ધરાવતા લોકો માટે આ નફાકારક અને મૂલ્ય વર્ધિત રોકાણની તક છે. મુલાકાતીઓ સ્ટોલ પર ઉપલબ્ધ પોસ્ટલ પ્રોડક્ટ્સને ખૂબ જ પસંદ કરી રહ્યા છે.

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ૭ ડિસેમ્બરે એક દિવસના ગુજરાત પ્રવાસે



। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનો વધુ એક દિવસના પ્રવાસનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે. જે અંતર્ગત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ શુક્રવારે મોડી રાત્રે અમદાવાદ પધારશે અને શનિવાર એટલે કે ૭ ડિસેમ્બરના રોજ ત્રણ કાર્યક્રમની અંદર અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. હોસ્પિટલના લોકાર્પણમાં આપશે હાજરી જેમાં સૌ પ્રથમ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાત ડિસેમ્બરના રોજ સિંધુ ભવન રોડ પર આવેલ અને બોડકદેવ ખાતે તૈયાર થયેલી ગ્લોબલ હોસ્પિટલ ના લોકાર્પણ પ્રસંગમાં હાજરી આપશે. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું અમિત શાહ અમદાવાદ વાસીઓને ભેટ આપશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જે હોસ્પિટલનું લોકાર્પણ કરશે તેમાં ગેસ્ટ્રોલોજી, કાર્ડિયોલોજી, પ્લાસ્ટિક સર્જરી, રેડિયોલોજી, ડેન્ટલ અને પેથોલોજી સહિતની સુવિધા પૂરી પાડતી હોસ્પિટલ છે.

### અમરેલીમાં એક ફિલ્મી ઘટના બની

# અમરેલીમાં ૪ વર્ષની ઉંમરે અપહરણ કરાયેલ બાળક ૨૪ વર્ષ બાદ તેના પરિવારને મળ્યો

## બે મહિના પહેલા તેણે પોરબંદરના એક યુટ્યુબરની મદદ લીધી હતી જે બાદ તે તેના પરિવારને શોધવામાં સફળ રહ્યો હતો

। (એજન્સી) અમરેલી, તા.૫ ।

ગુજરાતના અમરેલીમાં એક ફિલ્મી ઘટના બની છે. અમરેલીમાં ૪ વર્ષની ઉંમરે અપહરણ કરાયેલ બાળક ૨૪ વર્ષ બાદ તેના પરિવાર સાથે મળી આવ્યો છે. જ્યારે આ બાળકનું અપહરણ થયું ત્યારે સમગ્ર ગુજરાતમાં તેની ચર્ચા થઈ હતી. સમગ્ર ગુજરાત પોલીસે બાળકને શોધવામાં ખાસ્સી જહેમત ઉઠાવી, પરંતુ બાળક મળ્યું ન હતું. માતા-પિતાએ પણ બાળકને શોધવાની આશા છોડી દીધી હતી.

બાળકનું અપહરણ થયાને ૨૪ વર્ષ વીતી ગયા હતા, જેના કારણે માતા-પિતાએ પણ પુત્ર પરત આવવાની આશા છોડી દીધી હતી. જોકે આટલા વર્ષો બાદ પરિવારને તેમનું બાળક પાછું મળ્યું છે. ઘટના એવી છે કે પ્રફુલ નામનો યુવક તેના માતા-પિતાની શોધમાં હરિયાણાથી ગુજરાત પહોંચ્યો હતો.



હરિયાણામાં તેના પાલક માતા-પિતાના અવસાન પછી અને તેમનો વ્યવસાય બંધ થયા પછી, તે તેના વાસ્તવિક માતાપિતાની શોધમાં ગુજરાત આવ્યો.

તે બે વર્ષથી સુરતમાં રહેતો હતો અને તેના માતા-પિતાને શોધતો હતો. પરંતુ, તે તેના માતા-પિતાને મળ્યો ન હતો. જે બાદ બે મહિના પહેલા તેણે પોરબંદરના એક યુટ્યુબરની મદદ લીધી હતી. જે બાદ તે તેના પરિવારને શોધવામાં સફળ રહ્યો હતો. વર્ષ ૨૦૦૨માં અમરેલીના મણિનગરમાં રહેતા જીતેન્દ્ર અઢિયાનો ૪ વર્ષનો પુત્ર નજીકમાં રહેતા તેના કાકાના ઘરે જવાની જીદ કરવા લાગ્યો હતો. કાકાનું ઘર થોડે દૂર હોવાથી માતાએ બાળકને ત્યાં એકલો મોકલી દીધો. જોકે, બાળકને મોકલ્યા બાદ તે ક્યારેય જોવા મળ્યો ન હતો. આ ઘટના ૧૦ માર્ચ ૨૦૦૦ના રોજ બની હતી. રસ્તા પરથી કોઈએ બાળકનું અપહરણ કર્યું હતું. આ ઘટનાએ ગુજરાતમાં મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. સમગ્ર તંત્ર બાળકને શોધવામાં વ્યસ્ત હતું. શહેરમાં અનેક વિરોધ પ્રદર્શનો થયા, તપાસ માટે અનેક ટીમો બનાવવામાં આવી. જો કે બાળક મળ્યું ન હતું. જો કે બાળકનો હવે પુખ્ત બની ગયેલા વ્યક્તિનો ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે.

# બહુચરાજી માતાજીને ૩૫૦૦ લીટર રસ, રોટલી અને ૧૧૦૦ કિલોનો પ્રસાદ અર્પણ

## સંધ્યા આરતી બાદ માતાજીને રસ રોટલીનો પ્રસાદ ચડાવ્યા બાદ અહીં આવતા હજારો ભક્તોને રસ રોટલીનું જમણ આપવામાં આવે છે

। (એજન્સી) બહુચરાજી, તા.૫ ।

બહુચરમાતાજીએ ભક્ત વલ્લભ ભટ્ટની લાજ રાખવા ૩૩૯ વર્ષ પૂર્વે તેમની જ્ઞાતિને માગસર સુદ બીજ મહિનામાં રસ-રોટલીનું જમણવાર કરાવ્યું હતું. માતાજીના પરચાને જીવંત રાખવા બહુચરાજી આનંદના ગરબા મંડળ દ્વારા આ યાદગીરી રૂપે માગશર સુદ બીજે તીર્થધામ બહુચરાજીમાં આરતી બાદ રસ-રોટલીનો પ્રસાદ શ્રધ્ધાળુઓને આપવામાં આવ્યો હતો.

૩૩૯ વર્ષ પૂર્વે બનેલી ચમત્કારિક ઘટના મુજબ બહુચર માતાજીના પરમભક્ત વલ્લભ અને ધોળા ભટ્ટને માતાજીએ સ્વપ્નમાં આવીને કહ્યું કે, તમારી માતાનું અવસાન થયું છે. તમારે બહુચરાજીથી અમદાવાદ જવું જોઈએ અને તમારી માતાની ઉત્તરક્રિયા કરવી જોઈએ તો વલ્લભે કહ્યું કે, અમારી નિર્ધન સ્થિતિમાં અમારાથી કોઈ જ્ઞાતિભોજન થાય તેમ નથી એટલે અમદાવાદ જવું અને હાંસીપાત્ર થવું તે ઠીક નથી. કલ્પવૃક્ષનો આશ્રય મળ્યા પછી ભક્તને શાનું દુઃખ તમો અમદાવાદ જાઓ, ઉત્તરક્રિયા કરો અને જ્ઞાતિને ઈચ્છિત ભોજન આપો. હું તમને સહાય કરીશ. આજે પણ બહુચરાજીમાં દર માગશર સુદ બીજે જીવંત રાખવામાં આવ્યો છે અને આજે પણ અહીં માગશર સુદ બીજને લઈ દિવસે અને રાત્રે સંધ્યા આરતી બાદ માતાજીને રસ રોટલીનો પ્રસાદ ચડાવ્યા બાદ અહીં આવતા હજારો ભક્તોને રસ રોટલીનું જમણ આપવામાં આવે છે.

માં માતાજી ગર્ભ ગૃહને પણ આંબાવાડીની જેમ આંબાની ડાળીઓ અને તેના ઉપર કેરીઓ લટકાવી સુંદર ડેકોરેશન પણ કરવામાં આવ્યું. રસ રોટલી પ્રસાદમાં રોટલી અહીંની સ્થાનિક બહેનો યથાશક્તિ પોતાના ઘરેથી બનાવીને માતાજીને ધરાવે છે અને તે રોટલી ભક્તોને રસ સાથે પ્રસાદ રૂપે આપવામાં આવે છે.

## રાયગઢ પાસે આવેલ રાયપુરની પ્રાથમિક શાળામાં વાલીઓ દ્વારા તાળાબંધી કરી દેવામાં આવી

। (એજન્સી) સાબરકાંઠા, તા.૫ ।

સાબરકાંઠા જિલ્લાની એક શાળા કે જ્યાં સતત બીજા દિવસે પણ વાલીઓએ હંગામો કરી શાળાને તાળાબંધી કરી છે. અહીંયા કોઈ બાળક અભ્યાસ કરતું નથી અને વાલીઓ અડીખમ રીતે શિક્ષકોની બદલી ન થાય તે માટે રજૂઆત કરી રહ્યા છે. જેથી હાલ આ સમગ્ર મુદ્દો જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. સાથે જ લોકો વિચારમાં મુકાઈ ગયા છે.

બનાવની જો વિગતવાર વાત કરીએ તો, હિંમતનગર તાલુકાના રાયગઢ પાસે આવેલ એક રાયપુર ગામની પ્રાથમિક શાળામાં વાલીઓએ તાળાબંધી કરીને વિરોધ દર્શાવ્યો છે. જેમાં વાલીઓ અને બાળકોનો આક્ષેપ છે કે, શાળાના શિક્ષકો દરરોજ કોઈના કોઈ વાત પર ઝઘડો કરી રહ્યા છે અને એની માનસિક અસર બાળકો પર પડી રહી છે.

શિક્ષકોની આ કરતૂતોને લઈને ગામ લોકોએ એકત્રિત થઈ શાળા ખાતે પહોંચી શાળાની તાળાબંધી કરી પરંતુ આ પ્રશ્ન આજનો કે કાલનો નથી છેલ્લા એક થી બે વર્ષનો છે તેવું વાલીઓ જણાવી રહ્યા છે. આક્ષેપ છે કે શિક્ષકો એકબીજા સાથે ભારે ઝઘડો કરે છે અને ગારા ગાળી કરી રહ્યા છે. જેથી વાલીઓના આક્ષેપોને લઈને આ લોકો પણ નવાઈ પામી ગયા છે.

આ સમગ્ર મામલાને લઈને ગઈ કાલે ગ્રામજનો અને વાલીઓએ શાળાની તાળાબંધી કરી હતી પરંતુ હાલની પરિસ્થિતિ એવી થઈ છે કે વાલીઓ બાળકોને શાળાએ મોકલવાનું ટાળી રહ્યા છે કારણ કે શિક્ષકો અંદરોઅંદર એટલી ખરાબ રીતે ઝઘડો કરે છે કે, બાળકો પર ખરાબ અસર થઈ રહી છે જેના વિરોધમાં શાળા બંધ કરવાની ગ્રામજનોને ફરજ પડી હતી. ત્યારે આજે આ સમગ્ર મામલે તાલુકા કક્ષાએથી અધિકારીઓ દોડી આવ્યા હતા અને સ્ટાફ સહિત ગ્રામજનોની વાતો પણ સાંભળી હતી.

ઉલ્લેખનીય છે કે હાલ આ સમગ્ર મામલે હવે તો ગામ આખું એક થયું છે. જ્યાં સુધી આ શાળાના શિક્ષકોની બદલી ન થાય ત્યાં સુધી શાળાને તાળાબંધી થશે તેનું પ્રણ લઈને બેઠા છે. ત્યારે આ સમગ્ર મામલે બાળકોનું શું થશે એ પણ એક તપાસનો વિષય છે. બીજી તરફ આ મુદ્દો જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને લોકો પણ નવાઈમાં મુકાઈ ગયા છે

**વિશેષ** ગુજરાતની સગર્ભા બહેનો તથા ધાત્રી માતાઓને જાહેર આરોગ્ય સંસ્થાઓમાં પહોંચાડતી ખિલખિલાટ વાન

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ ૧૨ વર્ષમાં ૧.૧૯ કરોડ લાભાર્થીઓના જીવનમાં લાવી "ખિલખિલાટ"

## સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને નવજાત શિશુઓને બિન-ઇમરજન્સી કિસ્સાઓમાં ઘરેથી આરોગ્ય સુવિધા, રેફરલ અને આરોગ્ય સુવિધાથી ઘર સુધી નિઃશુલ્ક પરિવહન સેવાઓ આપે છે ખિલખિલાટ વાન

। ઋચા રાવલ (માહિતી) સુરત ।

રાજ્ય સરકાર આરોગ્ય સંસ્થાઓમાં સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને બાળકોને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવાઓ આપીને માતા અને બાળમૃત્યુદર ઘટાડવા સતત કટિબધ્ધ છે. આ ઉમદા હેતુમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે રાજ્ય સરકારનો જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (JSSK). જેના અંતર્ગત ૪ સપ્ટેમ્બર ૨૦૧૨ થી સગર્ભા બહેનો તથા ધાત્રી માતાઓ માટે ખિલખિલાટ વાહનોની સેવા શરૂ કરવામાં આવી હતી.

વેસ્ટ માંથી બેસ્ટ અને રીયુઝની તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની પહેલ આજે કરોડો સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓ તેમજ નવજાત શિશુઓના જીવનમાં ખિલખિલાટ લાવી રહી છે.

આ યોજના અંતર્ગત જાહેર આરોગ્ય સંસ્થામાં પ્રસુતિ પછી માતા અને નવજાત શિશુને આરોગ્ય સંસ્થાથી ઘરે પરત મુકવાની (ડ્રોપ બેક) મફત સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલ રાજ્યના તમામ જિલ્લાઓ અને કોર્પોરેશન માં કુલ ૪૧૪ ખિલખિલાટ વાહન લાભાર્થીઓને નિઃશુલ્ક પરિવહન સેવાઓ આપે છે. મોટાભાગના ખિલખિલાટ વાહનો એક કરતા વધુ સુવિધા આપે છે.




નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૪૧૪ ખિલખિલાટ વાન દ્વારા ૨,૦૦૦ થી વધારે હાઈ વર્ક લોડ આરોગ્ય સંસ્થાના (MCH, DH, SDH, CHC, PHC, UPHC) લાભાર્થીઓને પરિવહન સેવાઓ પુરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, પ્રસુતિ પહેલા (ANC) અને પ્રસુતિ પછીની (PNC) તપાસ અને સેવાઓ મેળવવા માટે સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને ઘરેથી આરોગ્ય સંસ્થા અને આરોગ્ય સંસ્થાથી ઘરે પીક અપ અને ડ્રોપ બેક સેવાઓ આપવામાં આવે છે.

અત્રે નોંધનીય છે કે, આ યોજના અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી અત્યાર સુધીમાં કુલ ૧,૧૯,૯૬,૭૧૮ લાભાર્થીઓને સેવાઓ આપવામાં આવી છે. જેમાં ૫૦,૪૩,૧૧૦ સગર્ભા માતાઓને ANC ચેક-અપ માટે, ૧૨,૦૩,૬૯૪ ધાત્રી માતાઓને PNC ચેક-અપ માટે અને ૩૨,૬૬,૩૬૦ નવજાત શિશુઓને ચેકઅપ માટે પીક અપ અને ડ્રોપ બેકની સેવાઓ અને ૨૩,૭૨,૬૮૯ PNC માતાઓ અને નવજાત શિશુઓ સંસ્થાકીય ડિલિવરી પછી આરોગ્ય સંસ્થાથી ઘર સુધીની ડ્રોપ બેક સેવાઓ આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન, "જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ" હેઠળ કુલ ૧૮,૪૫,૯૮૪ નથીલાભાર્થીઓને ખિલખિલાટ વાહનો દ્વારા મફત પરિવહન સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. જેમાં ૯,૭૮,૪૭૭ સગર્ભા માતાઓને ANC ચેક-અપ માટે, ૩,૧૦,૨૦૧ ધાત્રી માતાઓને PNC ચેક-અપ માટે અને ૩,૯૯,૨૫૪ નવજાત શિશુઓને ચેકઅપ માટે પીક અપ અને ડ્રોપ બેક ની સેવાઓ અને ૧,૫૫,૯૪૮ પોસ્ટનેટલ માતાઓ અને નવજાત શિશુઓ સંસ્થાકીય ડિલિવરી પછી આરોગ્ય સંસ્થાથી ઘર સુધીની ડ્રોપ બેક સેવાઓ આપવામાં આવી છે.

હાલ રાજ્યમાં ૪૧૪ ખિલખિલાટ વાહનો સેવામાં કાર્યરત છે. જે રાજ્યની તમામ સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને નવજાત શિશુઓને બિન-ઈમરજન્સી કિસ્સાઓમાં ઘરેથી આરોગ્ય સુવિધા, રેફરલ અને આરોગ્ય સુવિધાથી ઘર સુધી નિઃશુલ્ક પરિવહન સેવાઓ આપે છે. મફત પરિવહન પ્રદાન કરવાથી લાભાર્થીઓ આરોગ્યસંભાળ સેવાઓ મેળવવા માટે પ્રોત્સાહિત થાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# હોકી ટીમ જુનિયર એશિયા કપ-૨૪ ની વિજેતા બનતા મોદીએ પાઠવ્યા અભિનંદન

## મસ્કતમાં ફાઈનલ મેચમાં ભારતે પાકિસ્તાનને ૫-૩થી હરાવ્યું અને જુનિયર એશિયા કપનું ટાઈટલ જીત્યું હતું




। (એજન્સી) મસ્કત, તા.૫ ।

જ્યારે પણ ભારતનો મુકાબલો રમતના મેદાનમાં પાકિસ્તાન સામે થાય છે ત્યારે ઉત્તેજના ચરમસીમાએ પહોંચી જાય છે. જુનિયર એશિયા કપની ફાઈનલ મેચોમાં પણ કંઈક આવું જ જોવા મળ્યું હતું. ઓમાનની રાજધાની મસ્કતમાં રમાયેલી આ ફાઈનલ મેચમાં ભારતે પાકિસ્તાનને ૫-૩થી હરાવ્યું અને જુનિયર એશિયા કપ ૨૦૨૪નું ટાઈટલ જીત્યું હતું.

ભારત સતત ત્રીજી વખત જુનિયર એશિયા કપ જીતવામાં સફળ રહ્યું છે. આ પહેલા ભારતીય જુનિયર હોકી ટીમે વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૨૩માં આ ખિતાબ પોતાના નામે કર્યો હતો. જૂનિયર એશિયા કપ ૨૦૨૪ ૨૬ નવેમ્બરથી મસ્કતમાં શરૂ થયો હતો જેમાં ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ભારતે પૂલ છમાં ટોચનું સ્થાન મેળવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી, જ્યારે પાકિસ્તાને પૂલ મ્માં ટોચનું સ્થાન મેળવીને અંતિમ-૪માં પ્રવેશ મેળવ્યો હતો. આ પછી પાકિસ્તાને જાપાનને ૪-૨થી હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો જ્યારે ભારતે મલેશિયાને ૩-૧થી હરાવીને ટાઈટલ મેચમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. ફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે જોરદાર સ્પર્ધા હતી પરંતુ અંતે ભારતીય ટીમ ૫-૩થી ટાઈટલ જીતવામાં સફળ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જુનિયર એશિયા કપ ૨૦૨૪ જીતવા બદલ ભારતીય પુરૂષ જુનિયર હોકી ટીમને અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાને પોતાના ઠ એકાઉન્ટ પર પોસ્ટ કર્યું છે જેમાં તેમણે લખ્યું છે કે, ''આપણા હોકી ચેમ્પિયન પર ગર્વ છે! ભારતીય હોકી માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે કારણ કે આપણી મેન્સ જુનિયર ટીમે જુનિયર એશિયા કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યો છે. તેમની અજોડ કૌશલ્ય, તનતોડ મહેનત અને અવિશ્વસનીય ટીમ વર્કએ આ જીતએ રમતગમતના ગૌરવના ઈતિહાસમાં નામ નોંધાવી દીધું છે. યુવા ચેમ્પિયનને અભિનંદન અને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ.'' જુનિયર એશિયા કપની ફાઈનલ મેચમાં ૨૦ વર્ષીય અરયજીત સિંહ હુંદલે ભારત માટે ૪ ગોલ કર્યા હતા જ્યારે એક ગોલ દિલરાજની લાકડીમાંથી આવ્યો હતો. પાકિસ્તાન તરફથી સુફયાન ખાને ૨ અને હનાન શાહિદે ૧ ગોલ કર્યો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાનની આ સતત ચોથી હાર છે જ્યારે ભારત સામે આ સતત ત્રીજી હાર છે. ૨૦૧૨થી પાકિસ્તાનની ટીમ ફાઈનલમાં હારી રહી છે.

ખંડીય ટૂર્નામેન્ટમાં ભારતનું આ પાંચમું ટાઈટલ છે. આ પહેલા ભારતે ૨૦૦૪, ૨૦૦૮, ૨૦૧૫ અને ૨૦૨૩માં આ ખિતાબ જીત્યો હતો. આ ટુર્નામેન્ટ ૨૦૨૧ માં ૠૈંડ્ઢ-૧૯ રોગચાળાને કારણે યોજાઈ ન હતી. હુન્દલે ચોથી, ૧૮મી અને ૫૪મી મિનિટમાં ત્રણ પેનલ્ટી કોર્નરને રૂપાંતરિત કર્યા અને ૪૭મી મિનિટે ફિલ્ડ ગોલ કર્યો હતો.

### ન્યૂઝ બ્રિફ


#### દિલ્હી વિધાનસભાના સ્પીકર રામનિવાસ ગોયલની રાજકારણમાંથી સન્યાસ લેવાની જાહેરાત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હી સરકારમાંથી મોટા અને મહત્વના સમાચાર સામે આવ્યા છે. દિલ્હી વિધાનસભાના સ્પીકર રામનિવાસ ગોયલની રાજકારણમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી છે. આ અંગે તેમણે આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલને પત્ર લખ્યો છે અને પોતાની વધતી ઉંમરને ટાંકીને રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. પત્રમાં તેમણે લખ્યું કે,'હવે ઉંમરના કારણે ચૂંટણીના રાજકારણથી દૂર રહેવા માગુ છું, પરંતુ પાર્ટીની સેવા કરવાનું ચાલુ રાખશે.' કેજરીવાલને લખેલા પત્રમાં રામ નિવાસ ગોયલે લખ્યું છે કે, 'હું તમને નમ્રતાપૂર્વક જણાવવા માંગુ છું કે છેલ્લા ૧૦ વર્ષથી મેં શાહદરા વિધાનસભાના ધારાસભ્ય અને સ્પીકરતરીકેમારીફરજોકુશળતાપૂર્વક નિભાવી છે. તમે હંમેશા મને ઘણું સન્માન આપ્યું છે જેના માટે હું હંમેશા તમારો આભારી રહીશ. પાર્ટી અને તમામ ધારાસભ્યોએ પણ મને ઘણું સન્માન આપ્યું છે, આ માટે હું દરેકનો આભાર વ્યક્ત કરું છું. મારી ઉંમરને કારણે હું ચૂંટણીના રાજકારણથી દૂર રહેવા માંગુ છું. હું તમને ખાતરી આપું છું કે હું મારા તન, મન અને ધનથી આમ આદમી પાર્ટીની સેવા કરતો રહીશ.

#### ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની વેસ્ટ ઇન્ડીઝના બે ક્રિકેટરો સામે કાર્યવાહી



। (એજન્સી) લંડન, તા.૫ ।

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એટલે ICC છેલ્લા કેટલાક દિવસોથી સતત પોતાના નિર્ણયોના લીધે ચર્ચામાં રહી છે. જેમાં તેણે ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ બંને ટીમ પર સ્લો ઓવર રેટની પેનલ્ટી ફટકારી હતી, હવે વેસ્ટઈન્ડિઝના ૨ ખેલાડીઓ પર આચાર સંહિતાના ભંગ બદલ પેનલ્ટી લગાવી છે. વેસ્ટ ઈન્ડિઝમાં જ બાંગ્લાદેશ વિરૂદ્ધ બે મેચની ટેસ્ટ સિરિઝમાં ટીમના ખેલાડી જેડેન સીલ્સ અને કેવિન સિંક્લેરના ખરાબ વ્યવહારના કારણે ICC એ તેમના પર મેચ ફીના ૨૫ ટકા પેનલ્ટી પેટે ચૂકવવા આદેશ કર્યો છે. બાંગ્લાદેશ સામેની આ ટેસ્ટ સિરિઝમાં વેસ્ટ ઈન્ડિઝને બીજા મુકાબલામાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે સિરિઝ ૧-૧ સાથે ટાઈ થઈ હતી. આ મેચમાં જેડેન સીલ્સ અને કેવિન સિંક્લેયરને આચાર સંહિતાનું ભંગ કરવા બદલ ICC દ્વારા મેચ ફીના ૨૫ ટકા પેનલ્ટી તેમજ એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવાની સજા કરવામાં આવી છે. આ ટેસ્ટ સિરિઝમાં કેવિન સંક્લેયર જે ટીમ-૧૧નો હિસ્સો ન હતો.

### કાર્તિ ચિદમ્બરમે ભાજપ સરકારની કરી ટીકા

# સિબિલ સ્કોરના ચક્કરમાં સામાન્ય લોકો થઇ રહ્યા છે હેરાન : કોંગ્રેસ

## ક્રેડિટ સ્કોર ૩૦૦થી ૯૦૦ પોઈન્ટ અને સિબિલ સ્કોર ૭૦૦થી ઉપરનો હોય તો તે શ્રેષ્ઠ સ્કોર ગણાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમે બેંક દ્વારા આપવામાં આવેલી લોનને લઈને મોદી સરકારની આકરી ટીકા કરી હતી. સાંસદે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સિબિલ સ્કોર સંબંધિત છ નિયમોનો મુદ્દો બનાવીને સરકારને ઘેરી હતી, જે લોનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નોંધનીય છે કે, આ નિયમો આવતા વર્ષ ૨૦૨૫થી લાગુ થવા જઈ રહ્યા છે. કોંગ્રેસ નેતાએ કહ્યું હતુ કે, 'સામાન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે.' સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે બૅંકિંગ કાયદા બિલ ૨૦૨૪ પર સરકારને ઘેરી હતી. તેમણે કહ્યું કે, 'આજે જો તમે બેંકમાં લોન લેવા જાઓ છો, તો તમને સિબિલ સ્કોર બતાવ્યા પછી જ પાછા મોકલવામાં આવે છે. સિબિલ સ્કોર અપડેટ કરતી સંસ્થા ખૂબ જ ધીમી ગતિએ કામ કરી રહી છે અને તેના કારણે સામાન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે.' કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે જણાવ્યું હતું કે, 'સિબિલ સ્કોર અપડેટ કરવાનું કામ એક ખાનગી સંસ્થાના હાથમાં છે અને તે દેશના ૬૦ કરોડથી વધુ લોકોની ક્રેડિટ હિસ્ટ્રીને ટ્રેક કરીને રેટિંગ આપવાનું કામ કરી રહી છે. પરંતુ આ બધુ પારદર્શિતા વગર કરવામાં આવી રહ્યું છે, તેની અસર એ છે કે સિબિલના કારણે મોટા ભાગના જરૂરિયાતમંદ લોકોને આર્થિક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે અને તેમને લોન મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.' પહેલા એ જાણવું જરૂરી છે કે, CIBIL સ્કોર શું છે અને કોઈપણ બેંકમાંથી લોન મેળવવી શા માટે મહત્ત્વપૂર્ણ છે? આજના સમયમાં મોટા ભાગના લોકોને લોન લેવાની જરૂર હોય છે અથવા અન્ય, પછી તે નવું ઘર ખરીદવા માટે હોય કે પછી તેમના બાળકના ભણતર માટે હોય કે લગ્ન માટે. આવી પરિસ્થિતિઓમાં, લોકો બેંક તરફ વળે છે અને લોન માટે અરજી કરે છે. પરંતુ એ જરૂરી નથી કે તમામ અરજદારોને લોન મંજૂર થઈ જાય.

### રાહુલ ગાંધી દેશદ્રોહી છે : ભાજપ

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશ વિરોધી હોવાનો ગંભીર આરોપ

## રાહુલ ગાંધી અને અન્ય વ્યક્તિઓ વચ્ચેની વાતચીતમાં કાયમ ભારત વિરોધ વિચારો વ્યક્ત થાય છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

રાહુલ ગાંધી દેશ વિરોધી હોવાનો ગંભીર આરોપ આજે ભારતીય જનતા પાર્ટીએ લગાવ્યો હતો. આજે ગુરુવારે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના પ્રવક્તા અને સાસંદ સંબિત પાત્રાએ રાહુલ ગાંધીને ''સર્વોચ્ચ રાષ્ટ્ર વિરોધી'' ગણાવ્યા હતા.

પાત્રાએ આક્ષેપ કર્યો કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને અન્ય વ્યક્તિઓ વચ્ચેની વાતચીતમાં કાયમ ભારત વિરોધ વિચારો વ્યક્ત થાય છે. ભાજપ સાંસદ અને પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું કે, એક એવી ત્રેખડ છે જે ભારત વિરોધી કાવતરાં કરે છે. આ ત્રેખડમાં એક તરફ અમેરિકાસ્થિત જ્યોર્જ સોરોસ, તેનું ફાઉન્ડેશન તેમજ કેટલીક અમેરિકન એજન્સીઓ છે અને તેમાં સૌથી અગત્યની વાત એ છે કે આ ત્રેખડમાં રાહુલ ગાંધી ''સર્વોચ્ચ રાષ્ટ્ર વિરોધી'' વ્યક્તિ છે, તેમ ભાજપ નેતાએ કહ્યું હતું. ''મીડિયાપાર્ટ''ના એક અહેવાલને ટાંકીને સંબિત પાત્રાએ કહ્યું કે એક વૈશ્વિક મીડિયા એજન્સી છે જેને જ્યોર્જ સોરોસની ઓપન સોસાયટી ફાઉન્ડેશન દ્વારા ભંડોળ મળે છે અને એ એજન્સી તેને ભંડોળ આપનાર લોકોના હિતમાં કામગીરી કરે છે. તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા ભારતને બદનામ કરવા માટેના અહેવાલો ટાંકવામાં આવ્યા હોવાનાં ઉદાહરણ પણ આપ્યાં હતાં. તેમણે કહ્યું કે, જુલાઈ ૨૦૨૧માં વૈશ્વિક સ્તરે કોવિડની અસર હતી ત્યારે એક લેખ પ્રકાશિત કર્યો હતો કે, બ્રાઝિલે ભારતની કોવેક્સિન કોવિડ-૧૯ વેક્સિનનો ૩૨૪ મિલિયન ડૉલરનો કોન્ટ્રેક્ટ રદ કરી દીધો. આ રીતે દેશની પ્રતિષ્ઠાને ભારે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો હતો.




ઓડિશામાં ભુવનેશ્વર ખાતે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઓડિશા યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેક્નોલોજીના દીક્ષાંત સમારોહમાં હાજર રહ્યા હતા.

# રાજ્યભરમાં ગૌમાંસ વેચવા કે રાખવા ઉપર પ્રતિબંધ લગાવ્યો



। (એજન્સી) દીસપુર, તા.૫ ।

આસામમાં બીફ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમા દ્વારા કરવામાં આવી હતી. જેને પગલે સમગ્ર રાજ્યમાં હવેથી ગૌમાંસ રાખવા કે વેચવા પર પ્રતિબંધ રહેશે અને રાજ્યના તમામ રેસ્ટોરંટ અને હોટેલોમાં હાલ ગૌમાંસ વેચવામાં નથી આવી રહ્યું. આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમાએ કહ્યું હતું કે અમે આસામમાં ગૌહત્યા રોકવા માટે ત્રણ વર્ષ પહેલા જ કાયદો લાવ્યા હતા. આ કાયદાથી ગૌહત્યા રોકવામાં ઘણી સફળતા મળી છે. હવે અમે નિર્ણય લીધો છે કે આસામના કોઈ પણ રેસ્ટોરંટ કે હોટેલમાં ગૌમાંસ નહીં વેચી શકાય. એટલુ જ નહીં જાહેર સ્થળો કે લગ્ન સહિતના સમારોહમાં પણ ગૌમાંસ નહીં પિરસી શકાય. અગાઉ આસામમાં મંદિરોની આસપાસ ગૌમાંસ વેચવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો, જેને હવે સમગ્ર રાજ્યમાં લાગુ કરી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ બાદ આસામ સરકારના મંત્રી પીજૂષ હઝારિકાએ કહ્યું હતું કે જે પણ લોકોને ગૌમાંસ વેચવા પર લગાવાયેલો આ પ્રતિબંધ પસંદ ના હોય તેઓ પાકિસ્તાન જતા રહે.

# બાંગ્લાદેશ નહીં જવા ઈંગ્લેન્ડના નાગરિકોને સલાહ આપવામાં આવી



। (એજન્સી) લંડન, તા.૫ ।

ઈંગ્લેન્ડે તેના નાગરિકોને બાંગ્લાદેશ નહીં જવા સલાહ આપી છે. કારણ કે ગમે ત્યારે ગમે ત્યાંથી ત્રાસવાદી હુમલા થવાનો ભય રહેલો છે. ''ટ્રાવેલ એડવાઈઝરી''માં જણાવવામાં આવ્યું છે કે વિદેશી નાગરિકોને તો ખાસ કરીને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. વિશેષતઃ ભાડ-ભીડવાળામાં સ્થાનોએ, ધાર્મિક સ્થળોએ અને રાજકીય નેતાઓના નિવાસસ્થાનો પાસે આવા હુમલા પણ મોટા પ્રમાણમાં થાય છે. તેમ પણ તે એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે. બાંગ્લાદેશમાં શેખ હસીનાએ પદ ત્યાગ કર્યો અને ભારતમાં આશ્રય લીધો ત્યાર પછી તો બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર કાળો કેર વરસી રહ્યો છે. હિન્દુઓ ઉપર થતા જુલ્મો પછી ખ્રિસ્તિઓ, પારસીઓ, શિખો અને ગણ્યા-ગાંઠયા યહૂદીઓ પણ ઝનૂની કટ્ટર પંથીઓ નિશાન બનાવી રહ્યા છે. ત્યારે ૨૫ નવેમ્બરએ ઈસ્કોનના સાધુ ચિન્મોય કૃષ્ણદાસની રાજ્ય દ્રોહના અપરાધસર ધરપકડ પણ કરાઈ હતી. તે પછી તેઓની જામીન અરજી પણ કોર્ટે સ્વીકારી ન હતી.

# મહિલા જજોની હકાલપટ્ટીના મામલામાં સુપ્રીમ કોર્ટે સુઓમોટો દ્વારા નોંધ લીધી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

મહિલા જજોને સર્વિસમાંથી કાઢી મુકવાના મામલાની સુપ્રીમ કોર્ટે સુઓમોટો દ્વારા નોંધ લીધી હતી, જે દરમિયાન એક મહિલા જજ જે અંગત શારીરિક સમસ્યાનો સામનો કરી રહ્યા હતા છતા પણ તેમને સર્વિસમાંથી હટાવવામાં આવ્યા તેની ગંભીર નોંધ લીધી હતી. સુપ્રીમના ન્યાયાધીશ બીવી નાગરત્નાએ ટકોર કરતા કહ્યું હતું કે જો કોઈ મહિલા શારીરિક અને માનસિક રીતે પીડિત હોય તો એમ ના કહી શકો કે તે કામમાં ધીમી છે, તેને ઘરે મોકલી દો. પુરુષ જજો અને ન્યાયિક અધિકારી માટે પણ આ જ માપદંડ રાખો, ત્યારે જોઈશું કે શું થાય છે. પુરુષોને પણ માસિક ધર્મ હોત તો મહિલાઓની સ્થિતિ સમજી શકેત. દેશમાં છ જેટલા સિવિલ મહિલા જજોને સેવામાંથી હટાવવામાં આવ્યા હતા, જેની સુપ્રીમ કોર્ટે સુઓમોટો દ્વારા નોંધ લઈને સુનાવણી કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ બી વી નાગરત્ના અને ન્યાયાધીશ એન કેટિશ્વરસિંહે મધ્ય પ્રદેશ હાઈકોર્ટ પાસેથી આ જજોને હટાવવા માટેના ક્રાઈટેરિયા ધ્યાનમાં લેવાયા તે અંગે સ્પષ્ટતા માંગી હતી. આ દરમિયાન ન્યાયાધીશ બી વી નાગરત્નાએ કહ્યું હતું કે આશા રાખુ કે જે ક્રાઈટેરિયા મહિલા જજો માટે ધ્યાનમાં લેવાયા તે જ ક્રાઈટેરિયા પુરુષ જજોને પણ લાગુ પડતા હશે તેમ કહેવામાં મને જરા પણ સંકોચ નથી. સુપ્રીમના ન્યાયાધીશ નાગરત્નાએ નોંધ્યું હતું કે એક સિવિલ મહિલા જજનો ગર્ભપાત થયો હતો, તેનો ભાઈ કેંસરથી પીડિત હતો. કોરોના મહામારી હતી, એવા સમયે આ મહિલા જજની કામગીરીની ચકાસણી માત્ર કેટલા કેસોનો નિકાલ કર્યો તેને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવી. આ મહિલા જજે આ સમયગાળા દરમિયાન જે માનસિક અને શારીરિક પિડા સહન કરી હતી તેને ધ્યાનમાં ના લેવામાં આવી. જો પુરુષોને પણ પીરિયડ આવતા હોત તો તેમને મહિલાની સ્થિતિ સમજાય. મામલો રદ કરવામાં આવે છે ઘરે જાવ તેવુ કહેવુ બહુ જ સરળ છે. સુપ્રીમ સિવિલ જજ આદિતિ કુમાર શર્મા અને સરિતા ચૌધરીના મામલે વિચાર કરી રહી હતી.

### પંજાબમાં પૂર્વ ઉપમુખ્યમંત્રી પર ગોળીબારનો મામલો

# પૂર્વ ઉપમુખ્યમંત્રી પરગોળીબાર કરનાર પૂર્વ ખાલિસ્તાની આતંકવાદી નીકળ્યો



। (એજન્સી) અમૃતસર, તા.૫ ।

પંજાબના પૂર્વ ઉપમુખ્યમંત્રી અને અકાળી દળના વરીષ્ઠ નેતા સુખબિરસિંહ બાદલ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બાદલ અમૃતસરમાં ગોલ્ડન ટેમ્પલમાં અકાલ તખ્તે આપેલી સજા ભોગવી રહ્યા છે. તેઓ દરબાર સાહિબના ગેટ પાસે સુરક્ષા જવાનોની સાથે પોતાની વ્હીલચેર પર બેઠા હતા ત્યારે પૂર્વ ખાલિસ્તાની આતંકીએ તેની ગોળી ચલાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાદલની સુરક્ષામાં તૈનાત બહાદૂર પોલીસ જવાનોએ આ હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો અને હુમલાખોરે સ્થળ પરથી ખસેડી દીધો હતો. આ દરમિયાન જોકે ગોળીબાર થયો હતો જેમાં કોઈ જાનહાની નથી થઈ. પંજાબના પૂર્વ ઉપમુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલ અમૃતસરમાં ગોલ્ડન ટેમ્પલમાં ધાર્મિક સજા કાપી રહ્યા છે. તેઓ આ સજાના ભાગરૂપે મુખ્ય દરવાજા પર સુરક્ષા આપી રહ્યા હતા ત્યારે તેમના પર જીવલેણ હુમલો થયો હતો. નારાણયસિંહ ચૌરા નામના પૂર્વ ખાલિસ્તાની આતંકીએ તેના પર ગોળીબારનો પ્રયાસ કર્યો હતો. આ સમયે સુખબીરસિંહની સુરક્ષા માટે તૈનાત અસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર જસબીરસિંહને હુમલાનો અંદાજો આવી ગયો હતો. જેવો નારાયણસિંહ પોતાની પાસે રહેલી પિસ્તોલ કાઢીને ગોળીબાર કરવા ગયો કે તુરંત જ જસબીરસિંહે તેના હાથ પકડી લીધા હતા અને ઉપર કરી દીધા હતા. જેને પગલે હવામાં ગોળીબાર થયો હતો અને મોટી ઘાત ટળી હતી. આ હુમલા બાદ રાજ્યના સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ અર્પિત શુકલાએ જણાવ્યું હતું કે હુમલાખોર નારાયણ સામે ૨૦થી વધુ ગુનાહિત કેસો દાખલ થયા હતા. ૨૦૦૪માં બુરાઈ જેલ તોડવામાં પણ તેનો હાથ હતો, જેમાં જગતાર અને પરમજીત નામના બે આતંકીઓ ભાગી ગયા હતા. અન્ય એક રિપોર્ટ અનુસાર હુમલાખોર નારાયણ ચૌરા પ્રતિબંધિત સંગઠન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે જોડાયેલો છે. તે ૧૯૮૪માં પાકિસ્તાન ગયો હતો અને ખાલિસ્તાની આતંકવાદના શરૂઆતના તબક્કામાં પંજાબમાં હથિયારો અને વિસ્ફોટકોની મોટી તસ્કરીમાં પણ તેનો હાથ હતો. પાકિસ્તાનમાં રહીને તેણે ગુરિલ્લા યુદ્ધ અને દેશદ્રોહી પર એક પુસ્તક પણ લખ્યું હતું. તે પંજાબની જેલમાં સજા પણ કાપી ચુક્યો છે. નારાયણસિંહ ચૌરાને ૨૦૧૩માં તરણતારન જિલ્લાના જલાલાબાદ ગાંવથી ઝડપી લેવાયો હતો, તેની સામે આરોપ છે કે તેણે વર્ષ ૨૦૧૦માં અમૃતસરમાં સિવિલ લાઈસ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ કર્યો હતો. તે તરણતારન અને રોપડ જિલ્લામાં યુએપીએમાં વોન્ટેડ પણ હતો.

## તંત્રી લેખ...

# બજેટમાં થઈ શકે છે મોટી જાહેરાત

૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રજૂ થનાર સામાન્ય બજેટની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ વખતે સરકાર આવકવેરા પર ખાસ નજર રાખી રહી છે અને તેમાં મોટા ફેરફારોની તૈયારી કરી રહી છે. સરકારનો ઉદ્દેશ્ય આવકવેરા કાયદા અને કસ્ટમ્સ કાયદામાં ફેરફાર કરીને તેના કાયદાને સરળ બનાવવાનો છે, જેથી વિવાદોને અટકાવી શકાય અને તેને દેશના નવા મહેસૂલ માળખા અનુસાર બનાવી શકાય. એક સરકારી અધિકારીએ જણાવ્યું કે નાણામંત્રી નિર્મલા સીતારમણે ગયા અઠવાડિયે નાણા મંત્રાલયના તમામ સચિવો સાથે ૨૦૨૫ના બજેટમાં સુધારાને લઈને બેઠક યોજી હતી. જેમાં બે પ્રકારના ટેક્સ કાયદાની ખાસ ચર્ચા કરવામાં આવી હતી. સરકારનો ઉદ્દેશ્ય આવકવેરા કાયદાની સમીક્ષા કરવાનો અને તેમાં સુધારો કરીને તેને સરળ બનાવવાનો છે. આવકવેરા પર વિચારમંથન સરકારે ૨૦૨૪માં રજૂ કરેલા બજેટમાં પહેલેથી જ સંકેત આપ્યો હતો કે આવકવેરા કાયદાની સમીક્ષા કરવામાં આવશે અને તેની જટિલતાઓને દૂર કરવા પર ચર્ચા કરવામાં આવશે. આ કામ માટે ચીફ કમિશનર ઓફ ઈક્મટેક્સ વી.કે. ગુપ્તાના નેતૃત્વમાં ૨૨ વિશેષ સમિતિઓની રચના કરવામાં આવી છે. આ સમિતિ ભારતીય કરવેરા કાયદાને વૈશ્વિક કાયદાની સમકક્ષ બનાવવા અંગે પોતાનો અહેવાલ આપશે. રિપોર્ટના આધારે કાયદામાં ફેરફાર કરવામાં આવશે અને તેને આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડનો બનાવવામાં આવશે. તેનો હેતુ સરકારની આવક વધારવાનો અને તેના અનુપાલનને સરળ બનાવવાનો છે. લોકો પાસેથી સૂચનો પણ માંગવામાં આવ્યા હતા નાણા મંત્રાલયે આવકવેરા પર રચાયેલી સમિતિઓ ઉપરાંત લોકો પાસેથી સૂચનો પણ માંગ્યા છે. આ માટે ૬ ઓક્ટોબરે એક ઔપચારિક પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે, જેના પર અત્યાર સુધીમાં ૬,૫૦૦થી વધુ સૂચનો મળ્યા છે. અધિકારીનું કહેવું છે કે અમારો ઉદ્દેશ્ય આવકવેરા કાયદાને સરળ બનાવવા અને તેને કરદાતા માટે અનુકૂળ રાખવાનો છે. એવું માનવામાં આવે છે કે ફેરફાર ૨૦૨૫ના પહેલા ક્વાર્ટરથી જ શરૂ થશે. કસ્ટમ ડ્યૂટીમાં પણ સુધારો થયો છે સરકારનું બીજું સૌથી મોટું લક્ષ્ય કસ્ટમ ડ્યૂટીમાં સુધારો કરવાનું છે. બજેટ ૨૦૨૪માં પણ આની જાહેરાત કરવામાં આવી છે. ફેરફારો હેઠળ, ટેરિફ માળખું સરળ બનાવવામાં આવશે અને આયાત ડ્યૂટીમાં લીકેજને પણ અટકાવવામાં આવશે. આ સિવાય સરકારનો હેતુ કસ્ટમ ડ્યૂટીને લઈને ચાલી રહેલા વિવાદોનો ઉકેલ શોધવાનો છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# ઈર્ષ્યા કરવી એ માનવનો સહજ સ્વભાવ છે

ઈર્ષ્યા કરવી એ માનવનો જન્મજાત સ્વભાવ છે. કોઈપણ વ્યક્તિ ઈર્ષ્યાથી પર નહીં હોય, જાણે અજાણે દરેક વ્યક્તિથી કોઈ ને કોઈ વ્યક્તિની ચોક્કસપણે ઈર્ષ્યા થઈજ જાય છે.એટલું જરૂર છે કે કોઈ વ્યક્તિમાં ઈર્ષ્યાનું પ્રમાણ વધારે હશે તો કોઈ વ્યક્તિમાં ઓછું હશે, પરંતુ કોઈ પણ વ્યક્તિ છાતી ઠોકીને પ્રમાણિકપણે નહીં કહી શકે કે તે પોતે ઈર્ષ્યાળુ નથી અથવા એણે ક્યારે પણ કોઈની ઈર્ષ્યા કરી નથી. ઈર્ષ્યાનું મૂળ ઉદ્દગમ સ્થાન અસંતોષ છે. માણસમાં જ્યારે અસંતોષનો ભાવ જાગે છે, પછી ધીમે ધીમે તે ઈર્ષ્યામાં પરિવર્તિત થઈ જાય છે. ઈર્ષાળુ વ્યક્તિ આપણને દરેક જગ્યાએ જોવા મળે છે, પછી તે ઘર હોય, કુટુંબ હોય, આડોશી પડોશી હોય, નોકરી કે ધંધાનું સ્થળ હોય કે પછી મિત્રો હોય દરેકને ક્યારેક તો ઈર્ષ્યાના ભોગ બનવું જ પડ્યું હશે. દા.ત ઘરમાં માતા-પિતા નાના પુત્ર ઉપર વધારે વહાલ વરસાવતાં હશે કે કોઈ વસ્તુ નાનાભાઈ ને અપાવશે તો મોટાભાઈને તરતજ ઈર્ષ્યા થઈ જશે. બાજુમાં રહેતો પડોશી કાર ખરીદશે કે પોતાના ઘરમાં અવનવી સજાવટ કરશે તો તેનો પડોશી ઈર્ષ્યાથી બળી જશે. સરકારી કે ખાનગી કંપનીમાં નોકરી કરતા બે કર્મચારીઓ એક સરખું જ્ઞાન, આવડત અને કૌશલ્ય ધરાવતા હોય, બન્નેનું કામ તથા જવાબદારી એકસરખાં જ હોય અને જો 'અ' નામના કર્મચારીને પ્રમોશન કે પગાર વધારો મળશે તો 'બ' નામનો કર્મચારી ઈર્ષ્યાથી બળી જશે. બે મિત્રોમાં એક મિત્રની પત્ની સાધારણ દેખાવની હશે અને બીજા મિત્રની પત્ની ખૂબસૂરત અને એકદમ દેખાવડી હશે તો જેની સાધારણ દેખાવની પત્ની છે એ મિત્ર રૂપાળી પત્નીવાળા મિત્રની જરૂરથી ઈર્ષ્યા કરે છે. એવું નથી કે ઈર્ષ્યા મનમાં ને મનમાં થાય છે, કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ પાસે જઈને પણ ઈર્ષ્યાની આગ ઓકે છે.

કહેવાય છે કે, દેવો પોતે પણ ક્યારેય ઈર્ષ્યાથી પર રહ્યા નથી અને ઘણાં પ્રસંગો એવા બન્યાં છે કે જાણેઅજાણે એક દેવથી બીજા દેવની ઈર્ષ્યા થયેલી છે. દક્ષ પ્રજાપતિએ પોતાની ૨૪ પુત્રીઓનું પાણિગ્રહણ ચંદ્ર સાથે કરાવ્યું હતું , પરંતુ ચંદ્રને તો ૨૪ પત્નીઓમાંથી રોહિણી પ્રત્યે સૌથી વિશેષ પ્રેમ અને લગાવ હતો, આથી સ્ત્રી સહજ ઈર્ષ્યાથી પીડાઈને બાકીની ૨૩ બહેનોએ દક્ષરાજાને ચંદ્ર વિરુદ્ધ ફરિયાદ કરી હતી અને દક્ષરાજાએ ચંદ્રને શાપ આપ્યો હતો. રૂક્મણિએ રાધાજીની ઈર્ષ્યા કરી હતી તો દ્રૌપદી એ સુભદ્રાની ઈર્ષ્યા કરી હતી.વિશ્વામિત્ર ઋષિએ પણ મુનિવર વશિષ્ઠની ઈર્ષ્યા કરી હતી. અર્જૂને એકલવ્યની ઈર્ષ્યા કરી હતી. ઈર્ષ્યાની લાયમાં કેટલાંય યુદ્ધો અને ધિંગાણાઓ થઈ ગયા અને કેટલીય જાનહાનિ થયેલી છે. આમ ઈર્ષ્યા કરવાની પરંપરા યુગો પુરાણી છે.

કહેવાય છે કે પુરૂષો કરતાં સ્ત્રીઓમાં ઈર્ષ્યાનુ પ્રમાણ વધારે હોય છે. અરે, એક બહેન પણ પોતાની નાની કે મોટી બહેનની ઈર્ષ્યા કરવામાં જરાય પાછીપાની કરતી નથી. ઈર્ષ્યા એટલે અદેખાઈ (કોઈનું સારું કે સુખ જોઈ કે ખમી ન શકાય એવો અંતરનો મનોભાવ) .

આપણાં જ્ઞાની, ધ્યાની મહાપુરૂષો તથા ઋષિમુનિઓએ ઈર્ષ્યાને આગ સાથે સરખાવી છે. આગ તો માણસને એકજ વાર બાળી મૂકે છે, જ્યારે ઈર્ષ્યાની આગ માણસને જીવે જાગે ત્યાં સુધી બાળતી રહે છે. ઈર્ષા કે અદેખાઈ કરવાથી ઈર્ષાળુ વ્યક્તિ પોતાનું જ પતન નોતરે છે.

(ખાઈમાં પડેલો વ્યક્તિ કદાચ બચી શકે, પરંતુ અદેખાઈમાં પડેલો વ્યક્તિ ક્યારેય ન બચી શકે).

**નરસિંહને કૃષ્ણ પ્રત્યે અનહદ પ્રેમ હતો, અને એ જ ભાવ તેને ભક્તિની પરાકાષ્ઠા સુધી દોરી ગયો, તત્વતઃ પ્રભુ વ્યાપક છે**

# માગશર સુદ સાતમ, નરસિંહ હારમાળા જયંતિ!

# વિક્રમ સંવત ૧૫૧૨ની ઘટના આજે પણ અભિભૂત કરે છે





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**નરસિંહને કૃષ્ણ પ્રત્યે અનહદ પ્રેમ હતો, અને એ જ ભાવ તેને ભક્તિની પરાકાષ્ઠા સુધી દોરી ગયો, તત્વતઃ પ્રભુ વ્યાપક છે, એ દર્શન નરસિંહનું હતું! એમને જડ ચેતન સૌમાં કૃષ્ણના જ દર્શન થતા હતાં, નરસિંહ એ પોતાના જીવન દરમિયાન ખૂબ બધા સંઘર્ષો સહન કર્યા, એને સતાવવામાં જે તે સમયની નાગર જ્ઞાતિનો પણ બહુ મોટો ફાળો છે, એ સત્ય પણ સ્વીકારવું રહ્યું.**

માગશર આવતા જ નરસિંહ યાદ આવે કારણ કે માગશર સુદ સાતમ એટલે કે નરસિંહ હારમાળા જયંતિનો દિવસ. વિક્રમ સવંત ૧૫૧૨માં જૂનાગઢનાં રાજા રા માંડલિક એ ત્યારની પ્રજાનાં કહેવા અનુસાર, નરસિંહ ભક્તિને નામે સ્ત્રીઓ સાથે અભદ્ર વર્તન કરે છે, એવો આક્ષેપ કર્યો. રાજાએ કહ્યું કે તમારી ભક્તિ સાચી હોય તો એને પ્રમાણિત કરો. આમ કરી એને કારાવાસમાં નાખી દીધાં, અને સ્વયં ભગવાન કૃષ્ણ નરસિંહને માગશર સુદ સાતમનાં દિવસે જેલમાં હાર મોકલ્યો હતો, અને કરતાલ તથા તંબુરો આપી એની ભક્તિને પ્રમાણિત કરી હતી, એ કથાનક છે, પરંતુ આ કંઈ છેલ્લી વાર નહોતું! જ્ઞાતિએ, કે સમાજે, એને ભક્તિ માટે ખૂબ સતાવ્યા, પણ એમની કૃષ્ણ તરફની શ્રદ્ધા જરાય ડગી નહીં, અને એમણે ભક્તિની પરાકાષ્ઠા પર ભાવ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. નરસિંહને કૃષ્ણ પ્રત્યે અનહદ પ્રેમ હતો, અને એ જ ભાવ તેને ભક્તિની પરાકાષ્ઠા સુધી દોરી ગયો. તત્વતઃ પ્રભુ વ્યાપક છે, એ દર્શન નરસિંહનું હતું! એમને જડ ચેતન સૌમાં કૃષ્ણના જ દર્શન થતા હતાં. નરસિંહ એ પોતાના જીવન દરમિયાન ખૂબ બધા સંઘર્ષો સહન કર્યા, એને સતાવવામાં જે તે સમયની નાગર જ્ઞાતિનો પણ બહુ મોટો ફાળો છે, એ સત્ય પણ સ્વીકારવું રહ્યું. પરંતુ સત્યને પ્રતિપાદિત કરવા માટે અસત્યનું હોવું પણ એટલું જ જરૂરી છે, અને એ સમયની પ્રજા કે જ્ઞાતિ અસત્ય માટે નિમિત્ત બની, એવું એક સમાધાનનું વલણ સ્વીકારી શકાય! જો કે જે સત્ય છે એ છે! અને એની માટે હૃદયમાં કાયમનું દુઃખ રહે છે, કે જેના નામથી નાગર જ્ઞાતિ વિશ્વ ઉજાગર થઈ, એનો જ એને સતાવવામાં હાથ પણ રહ્યો! આમ તો જ્ઞાતિએ વિકાર છે, એવું આપણા ગંગા સતી કહી ગયા છે, એટલે કે "ભાળવા હોય જેને રામ ને.... કાઢવો વર્ણનો વિકાર પાનબાઈ"! પણ નાગર માટે પૂજ્ય મોરારીબાપુ એ કહ્યું છે કે નાગર કોઈ જ્ઞાતિ નથી, નીત નુતન વિચારધારા છે, અને એટલે નાગર કેવડાવવું સ્વાભાવિક રીતે જ ગમે. વ મમ્મી પપ્પા તો ખરા જ પણ એ ઉપરાંત અત્યાર સુધી ત્રણ ચેતના એ આ આગવા વ્યક્તિત્વનું ઘડતર કર્યું છે, એમાં સર્વ પ્રથમ સદગુરુ દેવ પરમ પૂજ્ય શ્રી રામ શર્મા આચાર્ય કે જેણે એક યુગ પુરુષની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે, અને યુગ નિર્માણ માટે આજે પણ આ રીતે એની ચેતના કામ કરે છે. બીજી પરમ પૂજ્ય મોરારી બાપુની, અને એ જીવંત ચેતના પણ આ માટે જ કામ કરે છે. ત્રીજી ચેતના એટલે નરસિંહ ! કે જે જન જાગરણ માટે અને સ્વમાં સુધારા પર કામ કરે છે. એટલે જેણે જેણે ભક્તિની પરાકાષ્ઠા સુધી પહોંચવું હોય, એને નરસિંહ આજે પણ ત્યાં સુધીના મુકામે દોરી જવા સમર્થ છે, અને એની માટેનો એક જ માર્ગ છે, એમનાં પદ! કૃષ્ણ પ્રત્યેની એમની પ્રીત એ જ પૂર્ણ શરણાગતિ, અને જ્યાં ઈશ્વર દાસત્વ કરે છે. આવું દર્શન કયા ધર્મ કે સંસ્કૃતિમાં જોવા મળે? આમ તો નરસિંહ એ પોતાના જીવનકાળ દરમિયાન ઘણા પદો લખ્યાં છે, અને એમની શબ્દ વેદ નામની સમગ્ર રચના એકઠી કરેલ એક કૃતિ મારી પાસે છે, એમાં એના ૭૦૦ ઉપર પદ નોંધાયા છે. પરંતુ હજી એમાં ઘણા પદ નથી, જે આપણે ત્યાં નરસિંહના નામે બોલે છે. એમનો જન્મ ૧૪૧૪ અને મૃત્યુતિથિ ૧૪૮૮ બતાવવામાં આવી છે, એટલે કે લગભગ ૭૮ થી ૭૯ વર્ષનું એમનું આયુષ્ય રહ્યું. માતા પિતાનું મૃત્યુ પાંચ વર્ષ દરમિયાન જ થઈ ગયું, અને દાદી એ ઉછેર્યા. દાદી કૃષ્ણ ભક્ત હતાં, અને એને કારણે એમને પણ કૃષ્ણ ભક્તિનો રંગ લાગ્યો. છ વર્ષની આયુ સુધી તો બોલતા પણ શીખ્યા નહોતા! કૃષ્ણ સાથે એમનું કઈ હદનું જોડાણ હતું, એ તો એના પદ એટલે કે રચના પરથી આપણે અનુભવીએ છીએ. આજે તો હવે એ બધું શબ્દ બંધારણની રીતે એટલે કે વ્યાકરણની રીતે કયો છંદ! એ રીતે પણ સિદ્ધ થયું છે. એમની કૃતિઓ પરથી એમના શબ્દ વૈભવનો પણ અનુભવ થાય છે, દરેકે દરેક પદમાં નવીનતા, લાલિત્ય, અને સંમોહનની જડીબુટ્ટીઓથી જાણે ભર્યા હોય એમ લબાલબ ભાવ ભર્યો છે. કૃષ્ણ સંગ રાધા અને ગોપી બની એમણે ગોકુળ વૃંદાવનની કૃષ્ણ લીલા માણ્યાનાં એ શૃંગારના પદ તો શું કહેવું? આપણી તો માનસિકતાની પરે જાય! કારણ કે એક પુરુષ દેહમા આટલી હદે ગોપી ભાવને લાવવો એ કેટલી મોટી વાત છે,અને આ જ છે ભક્તિની તાકાત! જાગને જાદવાથી શરૂ કરીને ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મ લોકમાં નાહિ રે.... આવાં ૬૫ થી ઉપર આધ્યાત્મની ટોચ પર લઈ જનારા પદ અદભૂત! અદભૂત ! નરસિંહ નરસિંહ છે! માત્ર નરસિંહ કૃષ્ણ વગર અધૂરાં છે એ પણ અડધું સત્ય છે કારણકે કૃષ્ણ એની વગર અધૂરાં છે નરસિંહનું તો સકલ અસ્તિત્વ એની મય હતું, છે! અને રહેશે! કારણ કે એ ઈશ્વર અવિનાશી તત્વને પામી ગયાં છે. પરંતુ મારો એક સીધોસાદો પ્રશ્ન છે કે નરસિંહને આપણે કંઈ રીતે ઓળખીશું? એનાં નામથી! એની જ્ઞાતિથી કે પછી એનાં પદ એટલે કે રચનાથી! મારી વાત કરું તો મને નરસિંહ આગળ મહેતા લગાડવું બહુ ગમતું નથી! કારણ કે એ જ્ઞાતિગત વાત થઈ જાય, અને જ્ઞાતિ એ એની સાથે શું વ્યવહાર કર્યો હતો? એ કહેવાની જરૂર નથી. નરસિંહ એટલે કે એક ભક્ત અવતાર! અને જે નર સ્વરૂપે આવેલ અસ્તીત્વની વ્યવસ્થાનાં પાયા પર આવેલા એક એવાં સિંહ ! કે જે વિકરાળ બિલકુલ નથી, પણ એ ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળને ઓળંગી ગયા! કૃષ્ણનું જીવંત અસ્તિત્વ નહોતું, ત્યારે પણ એણે દ્વાપર સુધીનું વિચરણ કર્યું! અને આજ પર્યંત એનાં પદથી આપણે પણ એ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકીએ છીએ, એટલે કે દ્વાપર સુધીની સફર કરી શકીએ ! તો નરસિંહ તો એક એવી અમર ચેતના છે, જે કૃષ્ણ પ્રેમીનાં હૃદયમાં આજે પણ ધબકે છે, અને આવતીકાલે પણ ધબકશે! ફરી મારી વાત કરું તો ઈષ્ટ દેવ હાટકેશ્વર હોવાથી નાનપણથી શિવશક્તિની પૂજા અર્ચના ઘરમાં થતી, અને પપ્પા મમ્મીને મહાદેવ પ્રિય, મમ્મી ભજનની શોખીન એટલે નરસિંહના પદથી પરિચિત, પણ માનસ રુખડ વખતે ગિરનારની તળેટીમાં રહેવાનું થયું,અને નરસિંહની ચેતનાએ હૃદયમાં એવો કબજો કર્યો! અને પછી જ કૃષ્ણને ખરેખર જાણ્યો એમ કહી શકાય! તો નરસિંહ એ કેવળ નામ નથી, કે શરીર નથી, એ તો આજ સુધી આપણાં સૌના હૃદયને પવિત્ર કરનારી શુદ્ધને અમર ચેતના છે. હિન્દુ સંસ્કૃતિની આવી તો કેટલીય ચેતનાઓ આજે પણ આપણા સૌમાં ઈશ્વર પ્રત્યેનો અલખ જગાવે છે, અને એટલે જ તો આપણે ભક્તિને નામે કંઈને કંઈ નાની મોટી અનુભૂતિઓ પ્રાપ્ત કરી લેતા હોઈએ છીએ. કૃષ્ણ તો કૃષ્ણ છે! એનું નામ, એનું રૂપ, એનું સ્વરૂપ અપરંપાર છે, પણ એને જાણવા માટે નરસિંહના શબ્દો રુપી દેહની આપણને જરૂર પડશે! નરસિંહનાં પદનું નિત્ય ગાન કરવાથી, આપણામાં સુધારો આપણે પોતે મહેસુસ કરી શકીએ એટલી હદે થાય છે, અને આમ જ જન જાગરણ થઈ શકે! બાકી હું તો સુધરેલ છું, બીજા સુધરે એમ વિચારવાથી કંઈ પરિણામ નહીં મળે. બસ એટલે જ એમણે ખુદને અંતિમ સમય સુધી જાગતા રાખવા જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે!! એ પદ લખ્યું અંતર આત્મા જગાડ્યા વિના કંઈ થાય નહીં! એટલે કે આત્મતત્વનો અનુભવ જ અધ્યાત્મનું પ્રથમ સોપાન છે, આપણે સૌ નરસિંહના આધ્યાત્મિકતાથી કે ભક્તિરસથી ભરપૂર પદને જીવનમાં આત્મસાત કરી, એમની જેમ ભક્તિની પરાકાષ્ઠા સુધી પહોંચી શકીએ, એવી એક વિચારધારા વ્યક્તિગત પારિવારિક અને સામાજિક જીવન સુધારી શકશે! એવી એક આશા સાથે તેને કોટી કોટી વંદન કરી વિરમું છું. હરે કૃષ્ણ હરે કૃષ્ણ.

**શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે. આજકાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે. સંસ્કારનો લોપ થતો જાય છે, એટલે દેશ દુ:ખી છે**

# આજકાલ ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું નથી, કેવળ લૌક્કિને મહત્ત્વ આપવામાં આવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ, જનોઈ વગેરે સોળ સંસ્કાર છે, જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે, આજકાલ ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું નથી, કેવળ લૌક્કિને મહત્વ આપવામાં આવે છે, તે પછી ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારનો વિધિ કરવા આવે છે, સંસ્કારથી મન શુદ્ધ થાય છે.**



દામ્પત્યજીવનમાં ધર્મ મુખ્ય છે, તેથી તો પત્નીને ધર્મપત્ની કહે છે. પૈસો અને વિલાસ પ્રથમ નથી, ધર્મ પ્રથમ છે. પૈસો જ સર્વસ્વ છે એમ સમજાવા માંડયું ત્યારથી જીવનમાંથી શાંતિ ગઈ છે. પૈસાને મુખ્ય ગણવાથી સદાચાર ગયો. પૈસા કરતાં વધારે સુખ સંયમઅને સદાચારથી મળે છે. સામ, અર્થ, કામ અને મોક્ષએ ચાર પુરુષાર્થમાં પહેલો ધર્મ છે અને છેલ્લો મોક્ષ છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ રાખ્યા છે એટલે કે અર્થ. કામ,ધર્મ અને મોક્ષ ની મર્યાદામાં રહીને મેળવવાં જોઈએ.માનવ જીવનમાં અર્થ અને કામ ગૌણ છે. પરંતુ ધર્મ અને મોક્ષએ પ્રધાન છે. તમારા જીવનમાં ધર્મ અને મોક્ષ ગૌણ બનશે,તો તમારું ગાડું અધો ગતિ રૂપ ખાડામાં જશે. શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે. આજકાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે. સંસ્કારનો લોપ થતો જાય છે,એટલે દેશ દુઃખી છે. અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ, જનોઈ વગેરે સોળ સંસ્કાર છે. જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજકાલ ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું નથી,કેવળ લૌક્કિને મહત્ત્વ આપવામાં આવે છે. તે પછી ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારનો વિધિ કરવા આવે છે. સંસ્કારથી મન શુદ્ધ થાય છે, વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે. પતિ-પત્નીનો સંબંધ વિલાસ માટે નથી, પ્રભુ ભજન કરવા માટે છે. ગૃહસ્થના જીવનમાં ભોગ મુખ્ય નથી, ભગવાન મુખ્ય છે.ગાડું અવળા માર્ગે જાય,એટલે ભગવાન તમારું સંસાર ગાડું ઊથલાવે છે.ગાડાં ઉપર ભગવાન ને પધરાવવા જોઈએ, એને ગાડાં નીચે ન રાખવા જોઈએ. યશોદાજીએ અવળું કર્યું. સંસારને માખણ, દહીં, દૂધ વગેરેને ગાડાંમાં રાખ્યાં અને ભગવાનને ગાડાં નીચે રાખ્યા.તેણે સાંસારિક કાર્યને પ્રાધાન્ય આપ્યું અને ભગવાનને ગૌણ સ્થાન આપ્યું એટલે ગાડું ઉથલ્યું. તમે પણ ગાડા નીચે શ્રી કૃષ્ણને રાખશો તો શકટાસુર ગાડાં ઉપર ચઢી બેસશે. કામએ શકટા સુર છે લોભ એ શકટાસુર છે. દહીં-દૂધ એ પ્રતીક છે.જેનાજીવન માં શ્રી કૃષ્ણ ગૌણ છે તેના ગાડાં ઉપર શકટાસુર ચડી બેસે છે. શકટાસુર છાતી ઉપર ચડી ન બેસે તેનો એક ઉપાય છે. એક સંતના મત પ્રમાણે શકટાસુરે લીલા કરી ત્યારે ભગવાન ૧૦૮દિવસનાહતા તમારી છાતી ઉપર શકટાસુર એટલે કે કામ,ક્રોધ,લોભ વગેરે ચડી બેસે ત્યારે ૧૦૮ મણકાની માળા હાથમાં લેવી અને ભગવાન ના નામની માળા ફેરવવી શટાસુર હણાયો જ જાણો! ભગવાને ૧૦૮ દિવસ ગણ્યા,તેમ તમે પણ ૧૦૮ ગણો એટલે કે માળા હાથમાં લો અને પ્રભુને મણકે મણકે આત્મ સમર્પણ કરતા જાઓ તો શકટા સુર શાંત થશે. માળા સાથે મૈત્રી ન કરો તો શકટાસુર માથે ચડી બેસશે કામનો વેગ, ક્રોધનો વેગ મેળવવો હોય તો પરમાત્માનો આશ્રય કરવો પડશે. એક દિવસ યશોદાજી બાલકૃષ્ણ ને ખોળામાં બેસાડી રમાડતાં હતાં ત્યાં લાલાનું વજન વધતું જાતું લાગ્યું. વધતાં વધતાં લાલો એવો ભારે બની ગયો કે, યશોદાજી શ્રીકૃષ્ણને ત્યાં મૂકી ઘરકામમાં લાગ્યાં.તે વખતે તૃણાવર્ત નામનો રાક્ષસ વંટોળિયાનું રૂપ ધરીને આવ્યો અને શ્રીકૃષ્ણનું હરણ કરી આકાશમાં ચઢી ગયો .ભગવાન એવા ભારે બની ગયા કે તૃણાવર્ત એમને ઝાલી રાખી નયો નહીં, ને ભગવાને જ એને ઝાલ્યો, એવો ઝાલ્યો કે તૃણાલ તાણાવત એમને ઝાલી તૃણનો વંટોળિયોએ તૃણા વર્ત.તૃણાવર્ત એટલે રજોગુણના વંટોળ. કામ અને ક્રોધએ નગુણા પુત્ર છે. રજોગુણ મનમાં આવે એટલે મન ચંચળ થાય. તૃ ણાવર્ત રૂપી વંટોળિયો આવે બુલે મન ચંચળ થાય,બુદ્ધિ ઈશ્વરથી વિમુખ બને એટલે તૃણાવર્ત આવ્યો એમ કહેવાય. સંસારનું સક્રિય નિહાળવામાં સુખ લાગે એટલે આંખમાં તૃણાવર્ત બેઠો એમ માનવું અને તે પછી ભગવાન દુખાતા બંધ થાય. શ્રીકૃષ્ણ ધીરે ધીરે હવે મોટા થયા. હવે ઘુંટણીએ ચાલતાએ ગૌશાળા માં આવે છે.એક ગાયને પાંચ દિવસનો વાછરડો હતો. વાછરડો હમ્મા હમ્મા કરે ત્યારે શ્રીકૃષ્ણ મૈયા મૈયા કરે છે. કનૈયો વાછરડાને છોડતો નથી.ગાયો આનંદમાં વાછરડાને ભૂલી જાય અને વહાલથી કનૈયાને ચાટે છે. શોદાને ખાતરી થઈ કે, ગાયોના આશિષ થી આપણને દીકરો થયો છે. કનૈયો તો ગાયો સાથે રમે. ગાયનું પૂછડું પકડીને કનૈયો ઊભો થવા જાય.આથી તેનું હુલામણું નામ પડયું વત્સપુચ્છાવલંબનમ્ (વાછરડા પૂંછડાનો ટેકો લેનારો). એક વખત યશોદાજી લાલાને ધવડાવતાં તેનું સુંદર મુખ નિહાળે છે. માનો પ્રેમ હોય ત્યારે ભગવાન ખૂબ ધાવે છે. બાળક બહુ ધાવે તો માને ચિંતા થાય છે. વધારે ધાવશે તો અપચો થશે. કનૈયો બહુ ધાવે છે. યશોદાને ચિંતા થાય છે. પ્રભુ કહે છેઃ હું બહુ ધાવું, પણ તારું દૂધ હું એકલો પીતો નથી. મારા સુખમાં રહેલું સંપૂર્ણ વિશ્વ તેનું પાન કરે છે. તેવામાં શ્રીકૃષ્ણે બગાસું બધું. પ્રભુએ યશોદાને એ મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં! કનૈયો કહે છે,મા તું એકલાને ધવડાવતી નથી.તું સમસ્ત બ્રહ્માંડ ને ધવડાવે છે. ભગવાને સુદામાને અખૂટ સંપત્તિ આપી ત્યારે યમરાજને દુઃખ થયું. તેણે ભગવાનને કહ્યું કે, સુદામાના નસીબમાં દારિદ્રયનો યોગ છે. તેના ભાગ્યમાં શ્રી ક્ષયઃ લખ્યું છે. તો આપે સુદામાને માટલું ઐશ્વર્ય કેમ આપ્યું?તમે આવું કરશો તો જગત માં કર્મ મર્યાદા રહેશે નહીં. ત્યારે પ્રભુએ ભરાજાને કહ્યું, જો ભાઈ, હું વેદની કર્મમર્યાદા તોડતો નથી. જે મને જમાડે છે તે સમસ્ત બ્રહ્માંડને જમાડે છે. મૂઠી પૌવા આપી સુદામાએ સમસ્ત બ્રહ્માંડને જમાડયું છે. એ કેમ વૃથા થાય? ખામ ભગવાન કર્મની મર્યાદા તોડતા નથી. યશોદાને પ્રભુએ કહ્યુંઃ મા, તું મને તૃપ્ત કરતી નથી, તમસ્ત બ્રહ્માંડને તૃપ્ત કરે છે. તે પછી ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારનો વિધિ કરવા આવે છે. સંસ્કારથી મન શુદ્ધ થાય છે, વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જાણવા પ્રયત્ન કર્યો છે.અસ્તુ.

અદિતીએ સ્વીકાર્યું કે, "લારા આ બધામાં સૌથી સહજ અને સૌથી વધુ રમૂજી હતી"

# પ્રિયંકા, લારા દત્તા-દિયા મિર્ઝાની ઈર્ષ્યા થતી હતી: અદિતી ગોવિત્રીકર



## અદિતીએ મોડેલિંગ સાથે તેમજ ૨૦૦૦ના વર્ષમાં મિસિસિ ઇન્ડિયા પ્રતિયોગિતા જીતીને પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી

મોડેલ અને ભૂકપૂર્વ મિસીસ ઈન્ડિયા અદિતી ગોવિત્રીકરે મનોરંજનની દુનિયામાં તેની સાથે થતા ભેદભાવ અંગે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. અદિતીએ મોડેલિંગ સાથે તેમજ ૨૦૦૦ના વર્ષમાં મિસિસિ ઈન્ડિયા પ્રતિયોગિતા જીતીને પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ જ વર્ષે પ્રિયંકા ચોપરા, લારા દત્તા અને દિયા મિર્ઝાએ મોટી બ્યુટી કોમ્પિટીશન્સ જીતી હતી. આ દરમિયાન અદિતીએ એક્ટિંગ પણ શરૂ કરી અને પીએચડીની ડિગ્રી પણ મેળવી. પોતાના મોડેલિંગ સમયના દિવસો યાદ કરીને અદિતીએ કહ્યું કે તેણે પણ પ્રિયંકા, લારા અને દિયાની સાથે જ કૅરિઅર શરૂ કરી હતી અને તેઓ એક જ સમયે સ્પર્ધા પણ જીત્યાં હતાં. તેમ છતાં તેમની સાથે લોકોના વર્તનમાં ઘણો ભેદભાવ હતો. જોકે, તેમને બધાને એકબીજા સાથે ઘણું સારું બનતું હતું. જ્યારે બેદભાવ અંગે વાત કરતાં અદિતીએ કહ્યું કે, આ સ્પર્ધાઓ જીત્યા બાદ પ્રિયંકા, લારા અને દિયાને ઘર અને ગાડીઓ જેવી મોટી મોટી ભેટ મળતી હતી જ્યારે તેને મિસિસ ઈન્ડિયા જીત્યા બાદ માત્ર એક ફુલોનો ગુલદસ્તો મળ્યો હતો. ત્યારે તેને આ ભેટની ઈર્ષ્યા થતી હતી. અદિતીએ કહ્યું કે તેને પણ ઘર અને ચાવીઓની અપેક્ષા હતી. જોકે અદિતીએ સ્વીકાર્યું કે, "લારા આ બધામાં સૌથી સહજ અને સૌથી વધુ રમૂજી હતી."અદિતીએ પોતાની કૅરિઅરમાં એક આખી પ્રદક્ષિણા પુરી કરી હોવાના અનુભવ વિશે પણ વાત કરી. તેણે ખુલાસો કર્યો કે મિસમેચ્ડની ત્રીજી સીઝનમાં તેનો રોહિત સરાફની માતાનો રોલ તેની કૅરિઅર સાથે એક ખાસ કનેક્શન ધરાવે છે. તેણે રોહિતને પહેલી વખત પ્રિયંકા ચોપરાની સ્કાઈ ઈઝ પિંકમાં જોયો હતો, જેમાં પ્રિયંકાએ તેની માતાનો રોલ કર્યો હતો. હવે તે આવો જ એક રોલ કરવાની છે.

હું જેને પ્રેમ કરું છું, એ મને પ્રેમ ન કરે તો દુઃખ થાયઃ અનન્યા

# સંવેદનશીલ અનન્યા પાંડે, ક્યારેય મારી લાગણીને છુપાવી શકતી નથી



અનન્યા હંમેશા પોતાના વિચારો અને લાગણીઓ ખુલીને વ્યક્ત કરતી રહી છે. તાજેતરમાં તેણે દિલના મામલે પહેલા ક્યારેય ન કરી હોય એવી ખુલીને વાતો કરી હતી. અનન્યાએ એક પોડકાસ્ટ ઈન્ટરવ્યૂનો વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં તેણે પ્રેમ અને હાર્ટબ્રેક વિશે વાત કરી હતી. અનન્યાએ કહ્યું કે તે બહુ સંવેદનશીલ છે અને પોતાની લાગણીઓ ક્યારેય કોઈનાથી છુપાવી શકતી નથી. અનન્યાએ કહ્યું, "હું જેને પ્રેમ કરું છું, એ મને પ્રેમ ન કરે, પછી તે કોઈ પણ હોય તો ને બહુ દુઃખ થાય છે. મને એવું લાગે છે કે મારી પાસે લોકોને આપવા માટે અઢળક પ્રેમ છે અને હું બની શકે તેટલી પારદર્શક અને ઈમાનદાર રહેવાની કોશિશ કરું છું. મને મારી ટીમ હંમેશા યાદ કરાવ્યા કરે છે કે બધા મારા બેસ્ટ ફ્રેન્ડ નથી, પરંતુ મને હંમેશા લાગે છે કે તેઓ મારા મિત્રો છે."અનન્યાએ આગળ કહ્યું, "હું એક ખુલી કિતાબ પ્રકારની વ્યક્તિ છું, તો જ્યારે લોકો કહે છે કે તારે વધારે પડતું જાહેર ન કરવું જોઈએ, એ લોકો કોઈ બીજાને કહી દેશે તો. ત્યારે દુઃખ થાય છે. હું આ વાતને ક્યારેય આવા દૃષ્ટિકોણથી જોતી જ નથી. મને લોકોમાં શ્રેષ્ઠ બાબતો જોવાની ટેવ છે. પરંતુ હું જેને પ્રેમ કરું છું એ મને એટલો પ્રેમ નથી કરતાં ત્યારે સૌથી વધુ દુઃખ થાય છે."અનન્યાની આ વાતો સાથેની વીડિયો વાયરલ થઈ રહી છે. જે તેના ફૅન્સને ઘણી ગમે છે, તેમને લાગે છે કે અનન્યા સાથે તેઓ પોતાની જાતને સરળતાથી જોડી શકે છે. ઘણા લોકોએ તેની ઈમાનદારીના પણ વખાણ કર્યા હતા. તો કોઈએ તેને પોતાના જેવી જ ગણાવી હતી. જો અનન્યાની ફિલ્મની વાત કરવામાં આવે તો હવે તે લક્ષ્ય લાલવાણી સાથે એક ફિલ્મ કરવા જઈ રહી છે.

# રશિયન અભિનેત્રી કામિલા બેલ્યાત્સ્કાયા દરિયાના મોજામાં ખેંચાઈ જતાં મૃત્યુ પામી

## ચોવીસ વર્ષીય અભિનેત્રી કામિલા બેલ્યાત્સ્કાયા તેના બોયફ્રેન્ડ સાથે થાઈલેન્ડમાં રજાઓ માણવા ગઈ હતી, રેસ્ક્યુ ટીમને મળ્યો મૃતદેહ



થાઈલેન્ડમાં રજાઓ માણવા ગયેલી એક રશિયન અભિનેત્રી દરિયાઈ મોજામાં વહી ગઈ હતી. અભિનેત્રીનું દરિયામાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. જ્યારે આ ઘટના બની ત્યારે અભિનેત્રી સમુદ્ર કિનારે તેની મેટ પર યોગ કરી રહી હતી. હવે આ ઘટનાના થોડા સમય પહેલા અને પછીના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે.૨૪ વર્ષીય અભિનેત્રી કામિલા બેલ્યાત્સ્કાયા તેના બોયફ્રેન્ડ સાથે થાઈલેન્ડમાં રજાઓ માણવા ગઈ હતી. એક અહેવાલ અનુસાર, કામિલાને થાઈલેન્ડના અખાત પાસે કોહ સમુઈ ટાપુ પર ગુલાબી યોગા મેટ પર યોગ અને ધ્યાન કરી રહી હતી. ત્યારે સમુદ્રના મોજા તેને ખેંચી લઈ ગયા હતા. પોલીસે મેળવેલા CCTV ફૂટેજમાં દેખાઈ રહ્યું હતું કે કામિલા લાલ રંગની કારમાં આવી ડેકીમાંથી મેટ બહાર કાઢતી પણ જોવા મળી હતી. પછી તેણીએ તેની યોગ મેટ લીધી અને વ્યુ પોઈન્ટની નીચે એક ટેકરા પાસે ગઈ હતી. રિપોર્ટ અનુસાર ઘટનાના ૧૫ મિનિટ બાદ રેસ્ક્યુ ટીમ ત્યાં પહોંચી હતી. પરંતુ મોજાની ઝડપને કારણે ટીમ અભિનેત્રી સુધી પહોંચી શકી ન હતી.એક રાહદારી પણ તેને બચાવવા માટે ગયો હતો. પરંતુ તે નિષ્ફળ રહ્યો હતો. મોજામાં વહી ગયા પછી ફક્ત કામિલાની યોગ મેટ જ જોવા મળી હતી. ઘટના બાદમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. સામુઈ રેસ્ક્યુ સેન્ટરના વડા ચિયાપોર્ન સબપ્રાસર્ટે જણાવ્યું હતું કે 'ટાપુના દરિયાકિનારા પર વોર્નિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન અમે પ્રવાસીઓને સતત ચેતવણી આપીએ છીએ. જ્યાં લાલ ધ્વજ લગાવવામાં આવ્યો છે. તેનો અર્થ એ છે કે અહીં સ્વિમિંગ પર પ્રતિબંધ છે.'

રાજ ગુપ્તા આ ફિલ્મનું નિર્દેશન કરશે

# અજય દેવગનની ઉતાવળઃ 'રેઇડ ૨'ની રિલીઝ ડેટ બુક કરી

## રેઈડ-૨'નું પોસ્ટર શેર કરતા અજય દેવગને કેપ્શનમાં લખ્યું, અમે પટનાયકનું આગામી મિશન મે ૨૦૨૫થી શરૂ થશે




અજય દેવગને તેના આગામી મિશન 'રેઈડ ૨'નું નવું પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કર્યું છે, જેમાં ફિલ્મની રિલીઝ ડેટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં અજય દેવગનની સાથે રિતેશ દેશમુખ, વાણી કપૂર, સૌરભ શુક્લા, વરુણ શર્મા અને અરબાઝ ખાન પણ મહત્વના રોલમાં હશે.ફિલ્મ 'શૈતાન' બાદ અજય દેવગન એક નવા મિશન પર જવા માટે તૈયાર છે. અભિનેતાએ સોશિયલ મીડિયા પર 'રેઈડ ૨'નું નવું પોસ્ટર શેર કરીને રિલીઝ ડેટની જાહેરાત કરી છે.'રેઈડ ૨'નું પોસ્ટર શેર કરતા અજય દેવગને કેપ્શનમાં લખ્યું, 'અમે પટનાયકનું આગામી મિશન મે ૨૦૨૫થી શરૂ થશે. રેઈડ ૨ આવતા વર્ષે ૧લી મે ૨૦૨૫ના રોજ રિલીઝ થવાની તૈયારીમાં છે.મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રેઈડ ૨'ના લેટેસ્ટ પોસ્ટરે ચાહકોમાં ઉત્સુકતા વધારી દીધી છે. મળતી માહિતી મુજબ આગામી ફિલ્મમાં અજય દેવગનની સાથે રિતેશ દેશમુખ, વાણી કપૂર, સૌરભ શુક્લા, વરુણ શર્મા, અરબાઝ ખાન અને અન્ય સ્ટાર્સ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.રાજ કુમાર ગુપ્તા આ ફિલ્મનું નિર્દેશન કરવા તૈયાર છે. ફિલ્મની વાર્તા રાજ કુમાર ગુપ્તા સાથે આદિત્ય બેલનેકર, રિતેશ શાહે લખી છે. રિતેશ શાહે 'પિંક' અને 'એરલિફ્ટ'ની વાર્તા પણ લખી છે.'રેઈડ ૨' ૨૦૧૮માં રિલીઝ થયેલી ક્રાઈમ-થ્રિલર 'રેઈડ'ની સિક્વલ છે. ફિલ્મ 'રેઈડ' પણ રાજકુમાર ગુપ્તાએ જ ડિરેક્ટ કરી હતી, જે બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. ફિલ્મમાં અજય દેવગનની સાથે ઈલિયાના ડીક્રુઝ, સાનંદ વર્મા અને સૌરભ શુક્લા મહત્વની ભૂમિકામાં હતા.આ ફિલ્મમાં અજય દેવગણે ઈન્કમ ટેક્સ ઓફિસરની ભૂમિકા ભજવી હતી, જેનું નામ અમય પટનાયક છે. જ્યારે, સૌરભ શુક્લા 'તૌજી'નું પાત્ર ભજવે છે. ઈન્કમટેક્સ રેઈડ પર બનેલી આ ફિલ્મ એક સત્ય ઘટના પર આધારિત છે.

# કાંતારાની સફળતા બાદ ઋષભ શેટ્ટીનો સિતારો ચમક્યો, યોદ્ધાની ભૂમિકા મળી

## ૨૦૨૭માં ઋષભ શેટ્ટી વધુ એક પાન ઇન્ડિયા ફિલ્મ લઈને આવી રહ્યો છે





કન્નડ ફિલ્મના સુપરસ્ટાર ઋષભ શેટ્ટીની કાંતારાને દેશભરમાંથી જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. હિન્દી ભાષામાં આ ફિલ્મ સાઉથ જેટલો જ પ્રેમ મળ્યો હતો. કાંતારાની સફળતા બાદ હવે ઋષભ શેટ્ટી વધુ એક પાન ઈન્ડિયા ફિલ્મ લઈને આવી રહ્યો છે. તેની અપકમિંગ ફિલ્મ છત્રપતિ શિવાજી મહારાજનું પહેલું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે. નેશનલ એવૉર્ડ જીતી ચૂકેલા ઋષભ શેટ્ટી એક પાન ઈન્ડિયા ફિલ્મમાં શિવાજી મહારાજની ભૂમિકામાં જોવા મળશે. ઋષભ શેટ્ટીએ એક્સ પર પોતાની અપકમિંગ ફિલ્મનું પહેલું પોસ્ટર શેર કર્યું છે. આ પોસ્ટર શેર કરતા તે પોતાની પોસ્ટમાં લખે છે. અમને આ રજૂઆત કરતા ખૂબ જ ગર્વ અને ખુશીનો અનુભવ થઈ રહ્યો છે. તેઓ આગળ લખે છે કે, આ માત્ર એક ફિલ્મ નથી - એક યોદ્ધાના સન્માનમાં એક યુદ્ધ ઘોષ છે. જેને તમામ અવરોધો સામે લડાઈ લડી, શક્તિશાળી મુઘલ સામ્રાજ્યની તાકાતને પડકાર આપ્યો અને એવી વિરાસત બનાવી જેને ક્યારેય ભુલાવી શકાય નહીં. એક મેગ્નમ ઓપસ એક્શન ડ્રામા માટે તૈયાર થઈ જાઓ, જે એક અલગ સિનેમા અનુભવ છે. કેમ કે અમે છુપાયેલી વાર્તાને ઉજાગર કરવાના છીએ.ઋષભ શેટ્ટીની આ ફિલ્મ ૨૧ જાન્યુઆરી ૨૦૨૭માં રિલીઝ થશે. સંદીપ સિંહ દ્વારા નિર્દેશિત આ ફિલ્મના ફર્સ્ટ લૂકને દર્શકોનો જોરદાર રિસ્પોન્સ મળ્યો છે. જો સંદીપ સિંહની વાત કરીએ તો તેણે ઘણી શાનદાર ફિલ્મનું નિર્દેશન કર્યું છે.

ઝીરો સે રિસ્ટાર્ટ' નું ટ્રેલર રીલીઝ કરવામાં આવ્યું

# વિધુ વિનોદ ચોપરાની ધમાલ ફરી માણવા મળશે






વિક્રાંત મેસી સ્ટારર મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ઝીરો સે રિસ્ટાર્ટ'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. વિધુ વિનોદ ચોપરાએદર્શકોને ૨ મિનિટ ૯ સેકન્ડના ટ્રેલરમાં અદ્ભુત સિનેમેટિક અનુભવની ઝલક આપી છે. આ અંગે ચાહકો પણ પ્રતિક્રિયા આપી રહ્યા છે.વિધુ વિનોદ ચોપરા ફિલ્મ્સે તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર ટ્રેલર શેર કરીને ચાહકોને ચોંકાવી દીધા છે. ૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ટીઝર રિલીઝ થયા પછી, 'રીસ્ટાર્ટ ફ્રોમ ઝીરો' આ ઘટના પહેલાની વાર્તા લઈને આવ્યું છે, હવે ટ્રેલર પણ ધૂમ મચાવી રહ્યું છે.વિધુ વિનોદ ચોપરા ફિલ્મ્સે તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર ટ્રેલર શેર કર્યું અને કેપ્શનમાં લખ્યું, 'ભારતીય સિનેમાની સૌથી પ્રિય ફિલ્મોમાંની એકના નિર્માણમાં ગયેલા પાગલપનની ઝલક મેળવવા માટે તૈયાર થઈ જાઓ. રીસ્ટાર્ટ ફ્રોમ ઝીરોનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મ ૧૩ ડિસેમ્બરથી સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મનું ટીઝર ૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રીલિઝ થયું હતું. ગોવામાં આયોજિત ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં વર્લ્ડ પ્રીમિયર થયું હતું, જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. 'ઝીરો સે રીસ્ટાર્ટ'નું ટ્રેલર અદ્ભુત છે, જે વાર્તા પહેલાની સ્ટોરીની ઝલક આપે છે. તેમાં કોઈ શંકા નથી કે ૧૨ ફેલ પછી વિધુ વિનોદ ચોપરા ફરી એકવાર બોક્સ ઓફિસ પર ધમાલ મચાવવા માટે તૈયાર છે. ચોપરાએ કહ્યું, હું મારા વાસ્તવિક જીવનમાં જે રીતે છું તે જ રીતે હું અહીં તમારી સામે ઉભો છું ટ્વિસ્ટ, ઈમોશન, કોમેડી અને આકર્ષક ડ્રામાથી ભરપૂર, ટ્રેલર તમને અદ્ભુત સિનેમેટિક પ્રવાસ પર લઈ જશે.'રીસ્ટાર્ટ ફ્રોમ ઝીરો' અંગે વિધુ વિનોદ ચોપરાએ તાજેતરમાં કહ્યું હતું કે, મને લાગે છે કે ઈમાનદાર ફિલ્મ બનાવવા માટે હિંમત ખૂબ જ જરૂરી છે, કારણ કે સિનેમામાં વાસ્તવિકતા બતાવવાની શક્તિ હોય છે. ચોપરાએ કહ્યું, 'હું મારા વાસ્તવિક જીવનમાં જે રીતે છું તે જ રીતે હું અહીં તમારી સામે ઉભો છું.

# દિલ્હીથી ઘરે પરત ફર્યો કોમેડિયન, પરિવારના સભ્યો સાથે થયો સંપર્ક, સુરક્ષિત છે કોમેડિયન સુનીલ પાલ

## એક્ટર સુનીલ પાલ મંગળવારે મુંબઈથી એક શો માટે નીકળ્યા બાદ ઘણા કલાકો સુધી ગુમ થઈ ગયો હતો



એક્ટર સુનીલ પાલ મંગળવારે મુંબઈથી એક શો માટે નીકળ્યા બાદ ઘણા કલાકો સુધી ગુમ થઈ ગયો હતો. બાદમાં તેણે તેના પરિવારના સભ્યોનો સંપર્ક કર્યો અને તે સુરક્ષિત હોવાની માહિતી આપી હતી. એક અધિકારીએ જણાવ્યું કે પાલ સાથે સંપર્ક ન હોવાને કારણે તે ક્યાં છે તે અંગે ઘણા કલાકો સુધી રહસ્ય રહ્યું હતું.આ પણ વાંચોઃ રશિયન અભિનેત્રી કામિલા બેલ્યાત્સ્કાયા દરિયાના મોજામાં ખેંચાઈ, રેસ્ક્યુ ટીમને મળ્યો મૃતદેહતેનો મોબાઈલ ફોન પણ બંધ હતો. જેના કારણે તેને શોધવાનું પોલીસ માટે ખૂબ જ પડકારજનક બની ગયું હતું. સુનીલ પાલની પત્નીએ મંગળવારે સાંજે સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરીને તેને શોધવામાં મદદ માંગી હતી. તેને ડર હતો કે તેના પતિનું અપહરણ કરવામાં આવ્યું છે. પોલીસે તરત જ કોમેડિયનની શોધ શરૂ કરી.અધિકારીએ જણાવ્યું કે કેસમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે પાલે પોતે મોડી સાંજે તેના પરિવારના સભ્યોનો સંપર્ક કર્યો અને તેમને કહ્યું કે તે સુરક્ષિત છે. તે મંગળવારે મોડી રાત્રે અથવા બુધવારે સવારે ઘરે પરત ફરશે. તેણે કહ્યું કે જ્યારથી પાલે તેના પરિવારનો સંપર્ક કર્યો છે, તેની પત્નીએ કોઈ ફરિયાદ નોંધાવી નથી. જોકે, પોલીસ તે ઘરે પરત ફરશે પછી તેની પૂછપરછ કરશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. કોમેડિયન રાજુ શ્રીવાસ્તવ અને કપિલ શર્મા સિવાય સુનીલ પાલે પણ કોમેડી શો 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ'થી ઘણું નામ કર્યું છે. તે વર્ષ ૨૦૦૫માં આ શોનો વિનર પણ બન્યો હતો. ફેન્સ તેના કોમિક ટાઈમિંગના દિવાના છે. લોકોને વારંવાર હસાવનારા સુનીલના ગુમ થવાના સમાચારે તેના ફેન્સને પરેશાન કરી દીધા હતા. જ્યારે સુનીલ પાલની પત્ની સરિતાએ તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેનો સંપર્ક ન થયો. કલાકો સુધી રાહ જોયા બાદ સુનીલની પત્ની સાંતાક્રુઝ પોલીસ સ્ટેશન પહોંચી. ત્યાં તેણે પોલીસને કેસની સંપૂર્ણ વિગતો રજૂ કરી અને તેના પતિના અચાનક ગુમ થઈ જવાની ફરિયાદ પણ નોંધાવી.સોશિયલ મીડિયા પર એવી ચર્ચા ચાલી રહી હતી કે સુનીલ પાલ ખરેખર ગુમ છે કે પછી તે પબ્લિસિટી સ્ટંટ છે. બે દિવસ પહેલા વિક્રાંત મેસીએ પણ પોતાની એક સોશિયલ મીડિયા પોસ્ટથી હલચલ મચાવી દીધી હતી, જોકે બાદમાં તેણે સ્પષ્ટતા કરી હતી કે લોકોને ગેરસમજ થઈ હતી.તમને જણાવી દઈએ કે તાજેતરમાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ ગુરુચરણ સોઢી પણ ગુમ થયો હતો અને લગભગ એક મહિના પછી ઘરે પરત ફર્યો હતો.સુનીલ પાલે નાના પડદા પર સ્ટેન્ડઅપ કોમેડિયન તરીકે ઘણું નામ બનાવ્યું છે. એટલું જ નહીં, તેણે બોલિવૂડમાં પણ તેની છાપ છોડી છે. તેની કેટલીક ફિલ્મોમાં 'હમ તુમ', 'ફિર હેરા ફેરી', 'અપના સપના મની મની', 'બોમ્બે ટુ ગોવા', 'ક્રેઝી ૪', 'કિક' સામેલ છે. આ ઉપરાંત સુનીલે ઘણા ટીવી શોમાં પણ કામ કર્યું છે.

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નામે ધમકી આપી

# સલમાનના શૂટિંગ સેટ પર ઘૂસી આવ્યો અજાણ્યો યુવક

## દાદર વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી, આ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં પણ આવ્યો છે



છેલ્લાં ઘણાં સમયથી અનેકવાર બોલિવૂડ દબંગ સ્ટાર સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી છે ત્યારે એક શૂટિંગ સેટ પર મોટી ઘટના બની છે. માહિતી અનુસાર સલમાન ખાનના શૂટિંગ સેટ પર એક અજાણ્યો વ્યક્તિ ઘૂસી આવ્યો હતો. જેને પકડી લેવામાં આવ્યો હતો. માહિતી અનુસાર જ્યારે આ યુવકની પૂછપરછ કરવામાં આવી કે તે કોણ છે તો તેણે લોરેન્સ બિશ્નોઈનું નામ લઈને ધમકાવવાનો પ્રયાસ કર્યો હતો. અહેવાલ અનુસાર આ ઘટનાની જાણકારી એક અધિકારીએ આપી હતી. જેમણે કહ્યું કે શંકાસ્પદ યુવકને તાત્કાલિક પકડીને શિવાજી પાર્ક પોલીસને હવાલે કરી દેવામાં આવ્યો હતો જ્યાં હાલ તેની પૂછપરછ ચાલી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે આ શંકાસ્પદ યુવક સેટ પર પહોંચવામાં સફળ થયો જ્યાં સલમાન ખાન શૂટિંગ કરવાનો હતો. પોલીસ હાલ આ મામલે તપાસ કરી રહી છે. ખરેખર તો બુધવારે રાત્રે મુંબઈના ઝોન ૫માં બોલિવૂડ એક્ટર સલમાન ખાનના શૂટિંગ લોકેશનમાં એક શંકાસ્પદ વ્યક્તિ ઘૂસ્યો હતો. દાદર વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. આ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

# વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતના અધ્યક્ષતામાં વાપી ખાતે ગુરૂક્રાંતિ કાર્યક્રમ યોજાયો

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને ભવિષ્યમાં શાળાઓમાં કરવાના થતા ફેરફારો અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું



। (માહિતી) વલસાડ, તા.૫ ।

વલસાડ જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવી પહેલ હેઠળ વાપીની મેરિલ એકેડેમી ખાતે 'ગુરુક્રાંતિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી રાજશ્રીબેને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. માં ફાઉન્ડેશન અને મેરિલ એકેડેમી વતી અમિતભાઈએ ઉપસ્થિત સૌનું સ્વાગત કરતાં ફાઉન્ડેશન શિક્ષણ ક્ષેત્રે સદાય સૌની સાથે છે તેમ જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત એ જિલ્લા કલેકટરશ્રી નૈમૈષ દવેનો સંદેશ આપતાં પોતાના અનુભવો શેર કર્યા અને શિક્ષક અને શાળાનું જીવનમાં મહત્વ દર્શાવ્યું હતું. ભવિષ્યમાં કેવા પ્રકારના પડકારો આવશે તેના વિશે પણ વાત કરી હતી. નેશનલ એવોર્ડ વિનર શિક્ષક રાકેશ નવા નદીસર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને ભવિષ્યમાં શાળાઓમાં કરવાના થતા ફેરફારો અંગે એક વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુખ્ય મુદ્દાઓ અને વિદ્યાર્થીઓના ક્રિટિકલ થિંકિંગને પ્રોત્સાહન આપવા માટે શું કરી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે શાળાના આચાર્યો સાથે કેટલીક એવી પ્રેક્ટીસ પણ બધા સાથે શેર કરી અને ટેકનોલજી દ્વારા પોતાની શાળાને કેવી રીતે સૌ સામે મૂકીશું તેના પણ ઉદાહરણો આપ્યા હતા. માં ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને કેરિયર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડો. રાજેશ્રીબેન ટંડેલ દ્વારા વલસાડ જિલ્લાને શૈક્ષણિક ક્ષેત્રે વધુ અગ્રેસર બનાવવાના પ્રયાસો કરવાનો અનુરોધ કર્યો હતો અને આગળના રોડમેપ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમ દ્વારા વલસાડ જિલ્લો શૈક્ષણિક ક્ષેત્રે નવી ઉંચાઈઓ સર કરશે એવી આશા રાખવામાં આવી હતી.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહીસાગર લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સમિતિ કડાણા અંતર્ગત નાના ભાગલીયા પ્રાથમિક શાળામાં કાનૂની શિક્ષણ શિબિર યોજવામાં આવી જેમાં પી એલ વી શ્રી એચ એ જોશી એ બાળકોને પોક્સો બાળ કાયદા મહિલા સશક્તિકરણ યોજનાઓ વાલી દિકરી યોજના લોક અદાલત અને ટ્રાફિક અંગેની જાગૃતિ કેળવવા અંગેની સમજ આપી હતી આચાર્યશ્રી દક્ષાબેન પ્રજાપતિ તથા સ્ટાફ પરિવાર હાજર રહ્યો હતો આભાર વિધિ શ્રીમતી દક્ષાબેન પ્રજાપતિએ કરી હતી.

# ભગીની સમાજ દાહોદ ખાતે રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સીટી દાહોદ દ્વારા એચ. આઇ. વી દર્દીઓને ધાબળા વિતરણ કરવામાં આવ્યા




તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૫ ।

આજરોજ તારીખ ૪/૧૨/૨૦૨૪ ના રોજ ૧ લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસ ઉજવણી નિમિત્તે ડિસ્ટ્રિક્ટ એઈડ્સ પ્રીવેન્શન કંટ્રોલ યુનિટ, દાહોદ દ્વારા આયોજિત અને રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સિટી દાહોદના સહયોગથી ઈન્ચાર્જ શ્રી જિલ્લા ટીબી/એચઆઈવી અધિકારી શ્રી એ. આર. ચૌહાણના માર્ગદર્શન હેઠળ તથા રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સિટી દાહોદના પ્રમુખશ્રી ખાનચંદ ઉડવાણી, સેક્રેટરીશ્રી અલીભાઈ ચુનાવાલા, ડાયરેક્ટર શ્રી બાદલભાઈ પંચાલ, ચેર પર્સન શ્રી શબ્બીરભાઈ નગદી, ચેર પર્સન શ્રી મુકેશભાઈ માળી, ચેર પર્સન શ્રી છોટુભાઈ બામણીયા,ચેર પર્સન શ્રી રમેશભાઈ જોષી ના કરકમલો દ્વારા જરૂરિયાતમંદ લાભાર્થી ને ધાબળા વિતરણ તથા પોષાક-આહાર વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો. કાર્યક્રમના ભાગરૂપે ડાયરેક્ટર શ્રી બાદલભાઈ પંચાલ અને ચેર પર્સન શ્રી છોટુભાઈ બામણીયા દ્વારા રોટરી ક્લબ દાહોદ ના ઈતિહાસ અને તેના નેજા હેઠળ લોકોના હિત માટે સામાજિક કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. જિલ્લા ક્ષય કેન્દ્રના ઈન્ચાર્જ ડિસ્ટ્રીક ટીબી એચઆઈવી ઓફિસર શ્રી ડોક્ટર એ. આર. ચૌહાણ દ્વારા એચઆઈવી/એઈડ્સ વિશે પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું. ડિસ્ટ્રીક એડ્સ પ્રીવેન્શન કંટ્રોલ યુનિટ,એઆરટી સેન્ટર, લિંક વર્કર સ્કીમ, ટી. આઈ. વિગેરેના તમામ સ્ટાફશ્રીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

આ વર્ષે **WHO** ની ૨૦૨૪ ની થીમ **"Take the right path:my health,my right"**ના સૂત્ર સાથે એ.આર.ટી. સેન્ટર દાહોદ દ્વારા એચઆઈવી /એઈડ્સ વિષયક જનજાગૃતિ તથા દવાની મહત્વતા વિશે રોલ પ્લે દ્વારા સમજ આપવામાં આવી. ત્યારબાદ જરૂરિયાત મંદ લાભાર્થીને રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સિટી દાહોદના સહયોગથી કુલ ૧૦૦ જેટલા લાભાર્થીઓને ધાબળા તથા પોષાક-આહારની ચેરિટી કરવામાં આવી. કાર્યક્રમના અંતે ડિસ્ટ્રિક્ટ કંટ્રોલ યુનિટ, દિશા દાહોદ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ સદર કાર્યક્રમ મા રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સીટી દાહોદ ના દાતાઓ જીલ્લા કક્ષાનો આરોગ્ય સ્ટાફ **SBCC** ના સભ્યો અને દર્દીઓ હાજર રહ્યા હતાં.

# તુષાર ધોળકિયાને ગુજરાત ગૌણ સેવા પસંદગીના ચેરમેન બનાવ્યા

### પહેલા ગૌણ સેવાનો વધારાનો ચાર્જ આઈએએસ અધિકારી કમલ દાયાણી પાસે હતો

। ગાંધીનગર, તા.૫ ।

રાજ્ય સરકાર દ્વારા કેટલાક **IAS** અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્ય સરકારે એક અખબારી યાદી જાહેર કરી અધિકારીઓની બદલીની માહિતી આપી છે. રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ બોર્ડને નવા ચેરમેન મળ્યા છે. તો રાજકોટના મ્યુનિસિપલ કમિશનરની પણ બદલી કરવામાં આવી છે.

રાજ્ય સરકારે તુષાર ધોળકિયાને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંગળના ચેરમેન બનાવ્યા છે. પહેલા ગૌણ સેવાનો વધારાનો ચાર્જ આઈએએસ અધિકારી કમલ દાયાણી પાસે હતો. હવે સરકારે આ પદ પર તુષાર ધોળકિયાની વરણી કરી છે. રાજકોયના મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈની પણ બદલી કરવામાં આવી છે. જ્યારે તુષાર દલપતભાઈ સુમેરાને રાજકોટના નવા કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે ડીપી દેસાઈની રાજકોટથી બદલી કરી અમદાવાદ ઔડાના સીઈઓ બનાવવામાં આવ્યા છે.

તુષાર સુમેરા વર્તમાનમાં ભરૂચના કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યાં હતા, હવે તેમને રાજકોટના મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે ગૌરાંગ એસ મકવાણાની બદલી કરી તેમને ભરૂચના કલેક્ટર બનાવવામાં આવ્યા છે.

# સુરતમાં નવી જંત્રીના લીધે ટેક્સ્ટાઈલ ક્ષેત્રે ગ્રામ્ય વિસ્તારમાં રોકાણ પર બ્રેક

। (એજન્સી) સુરત, તા.૫ ।

સરકારી નીતિઓના વિરોધાભાસે ઉદ્યોગ પતિઓને મુશ્કેલીમાં મૂકી દીધા છે. સરકારે એકબાજુએ નવી ટેક્સ્ટાઈલ પોલિસીમાં ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે તાલુકાની કેટેગરી બનાવી ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી વિકસાવવા ઉદ્યોગ કારોને પ્રોત્સાહન મળે તે માટે રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારી નીતિઓના વિરોધાભાસે ઉદ્યોગપતિઓને મુશ્કેલીમાં મૂકી દીધા છે. સરકારે એકબાજુએ નવી ટેક્સ્ટાઈલ પોલિસીમાં ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે તાલુકાની કેટેગરી બનાવી ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી વિકસાવવા ઉદ્યોગકારોને પ્રોત્સાહન મળે તે માટે રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે, બીજી બાજુએ તેનાથી અવળી જ નીતિ અપનાવતા જંત્રીના નવા દરના કારણે અવિકસિત ગ્રામ્ય વિસ્તારોમાં ટેક્સ્ટાઈલ રોકાણ પર બ્રેક લાગવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. આ સંજોગોમાં શહેર બહારના વિસ્તારમાં પાંચ વર્ષ સુધી જંત્રીના દર નહીં વધારવાની માંગ સાથે પાંડેસરા વીવર્સ કો. ઓ. સોસા. લિ.એ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું છે. નવી ટેક્સ્ટાઈલ પોલિસી જાહેર થયા બાદ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો ટેક્સ્ટાઈલ ક્ષેત્રમાં રોકાણ કરવા સક્રિય થયા છે. જ્યાં સબસિડી સૌથી વધુ છે તેવા પછાત વિસ્તારોમાં કેટલાક ટેક્સ્ટાઈલ એસોસિયેશન પણ સહકારી મોડલ પર ટેક્સ્ટાઈલ પાર્કનું આયોજન કરવાની યોજના બનાવી રહ્યા છે.

### નર્મદા જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે

# SNID- સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે પલ્સ પોલિયો સ્ટીયરિંગ કમિટીની બેઠક યોજાઈ





। (માહિતી) નર્મદા, તા.૫ ।

રાજય સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજય સહિત નર્મદા જિલ્લામાં તા. ૮ થી ૧૦ ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન પલ્સ પોલિયો ઝુંબેશ યોજાનાર છે. જેના ભાગરૂપે આજરોજ નર્મદા જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે **SNID** – સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે પલ્સ પોલિયો સ્ટીયરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જનક માઢકે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી **SNID** એજન્ડાની વિસ્તૃતમાં જાણકારી આપી હતી. જેમાં જિલ્લામાં યોજાનારી આ ત્રિ-દિવસીય ખાસ ઝુંબેશ દરમિયાન નર્મદા જિલ્લાનાં ૦ થી ૫ (પાંચ) વર્ષની વય મર્યાદાના અંદાજિત કુલ ૪૫૭૭૦ જેટલા બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

જિલ્લાનાં આરોગ્ય કર્મીઓ દ્વારા આ બાળકોને પોલીયોનાં બે ટીપા પિવડાવવામાં આવશે. આ અભિયાન સફળતાપૂર્વક પાર પડે, કોઈ બાળકો તેનાથી વંચિત ન રહે તથા કોઈક કારણોસર માઈગ્રેટ થયેલા પરિવારોના બાળકોનો પણ યોગ્ય રીતે સમાવેશ થાય, અને આ અભિયાન સાથે જોડાયેલાં કર્મીઓની સતત તાલીમ અને મોનિટરિંગ થતું રહે જેથી કામની ગુણવત્તા જળવાઈ રહે તે અંગે પણ જરૂરી માર્ગદર્શન પુરૂં પાડયું હતું. નર્મદા જિલ્લામાં પોલિયો ઝુંબેશના પ્રથમ દિવશે એટલે કે, ૮ મી ડિસેમ્બર, રવિવારે બુથ પર પોલિયોનાં ટીંપા પિવડાવવામાં આવશે. બીજા અને ત્રીજા દિવસે ઘર-ઘર રસીકરણ, ટ્રાન્ઝીટ ટીમ, મોબાઈલ ટીમ (હાઈરીસ્ક વિસ્તાર, ઈંટોના ભઠ્ઠા, શેરડી કટીંગ, ઝુંપડપટ્ટીઓ, જંગલો અને બાધકામ ચાલતા હોય તેવા) વિસ્તારોમાં બાકી રહેલા બાળકોને આરોગ્ય કર્મીઓ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર, આશા બહેન, આશા ફેસીલીટેટર અને આંગણવાડીની બહેનોની ટીમો દ્વારા પોલિયોનાં બે ટીંપા પીવડાવવામાં માટેનું આયોજન જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આ બેઠકમાં મદદનીશ કલેકટર સુશ્રી મુસ્કાન ડાગર, દેડિયાપાડા પ્રાંત અધિકારીશ્રી ધવલ સંગાડા, **ADHO** ડો.હેતલ ચોધરી અને ડો. અનિલ વસાવા સહિત આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેશના દરેક રેલવે મુસાફરને મુસાફરી ટિકિટ પર ૪૬ ટકા સબસિડી આપવામાં આવે છે : રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વિપક્ષી સાંસદોના હંગામાને કારણે શિયાળુ સત્રના પહેલા ૫ દિવસ વિક્ષેપ પડ્યા બાદ સંસદની કાર્યવાહી સુચારૂ રીતે ચાલી રહી છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે કહ્યું કે દેશના દરેક રેલ્વે મુસાફરને ટ્રાવેલ ટિકિટ પર ૪૬ ટકા સબસિડી આપવામાં આવે છે. તેમણે એમ પણ કહ્યું કે ભારતમાં વિશ્વના સૌથી મોટા રેલ્વે સ્ટેશનનું અપગ્રેડેશન ચાલી રહ્યું છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતાં એમ પણ કહ્યું કે દરેક રેલવે યાત્રીને ટિકિટ પર લગભગ ૪૬ ટકા સબસિડી આપવામાં આવે છે. રેલવે મંત્રાલય દર વર્ષે યાત્રીઓ પર સબસિડી પાછળ ૫૬,૯૯૩ કરોડ રૂપિયા ખર્ચે છે. વૃદ્ધો અને માન્યતા પ્રાપ્ત પત્રકારોને અગાઉ આપવામાં આવેલી સબસિડી પુનઃસ્થાપિત કરવાની સંભાવના પર, રેલ્વે પ્રધાન વૈષ્ણવે કહ્યું, "ભારત સરકાર દ્વારા દર વર્ષે રેલવે મુસાફરોને કુલ રૂ. ૫૬,૯૯૩ કરોડની સબસિડી આપવામાં આવે છે. ટ્રાવેલ સર્વિસના દરેક રૂ. ૧૦૦ માટે મુસાફરો પાસેથી માત્ર રૂ. ૫૪ વસૂલવામાં આવે છે. દરેક શ્રેણીના મુસાફરોને ૪૬ ટકા સબસિડી આપવામાં આવે છે. એક પૂરક પ્રશ્નના જવાબમાં રેલ્વે મંત્રી વૈષ્ણવે એમ પણ કહ્યું હતું કે જે રીતે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર દરમિયાન સમગ્ર દેશ રસ્તાઓથી જોડાયેલો હતો, તેવી જ રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નાના દેશની રેલ્વે જોડાઈ હતી અને મધ્યમ રેલ્વે સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યા છે. દેશમાં રેલ્વે સ્ટેશન અપગ્રેડેશન અંગે રેલ્વે મંત્રીએ કહ્યું કે, સરકારે આ સમયે સૌથી મોટો રેલ્વે સ્ટેશન અપગ્રેડેશન કાર્યક્રમ શરૂ કર્યો છે. ભારતમાં વિશ્વના સૌથી મોટા રેલવે સ્ટેશનના અપગ્રેડેશનનું કામ ચાલી રહ્યું છે. હાલમાં, દેશભરમાં લગભગ ૧,૩૦૦ રેલવે સ્ટેશન અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. જ્યારે નાગેશ બાપુરાવ પાટીલ અષ્ટિકરે રેલ્વે મંત્રીને ખેલાડીઓ માટે રેલ્વે ભાડામાં રાહત પુનઃસ્થાપિત કરવાની યોજના પર પ્રશ્ન પૂછ્યો ત્યારે રેલ્વે મંત્રી વૈષ્ણવે કહ્યું કે રેલ્વેએ દરેક મુસાફરને મુસાફરી સબસીડી આપવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. મહારાષ્ટ્રના સાંસદ પ્રણિતી શિંદેએ આ પ્રશ્નનું પુનરાવર્તન કર્યું અને પૂછ્યું કે શું ખેલાડીઓને કોઈ અલગ છૂટ આપવામાં આવી રહી છે. દરમિયાન, સાંસદ દુરાઈ વાઈકોએ વરિષ્ઠ નાગરિકો માટે રાહતો નાબૂદ કરવા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા, જેના પર રેલ્વે મંત્રીએ તેમના જવાબનો પુનરોચ્ચાર કર્યો હતો અને કહ્યું હતું કે તમામ મુસાફરોને કેન્દ્ર દ્વારા આપવામાં આવતી કુલ સબસિડી હેઠળ આવરી લેવામાં આવે છે. અગાઉ, લોકસભા સાંસદ ટીઆર બાલુએ કહ્યું હતું કે અધૂરા રેલ્વે પ્રોજેક્ટ માટે કેન્દ્ર રાજ્ય સરકારને દોષી ઠેરવી શકે નહીં. કેરળમાં પેન્ડિંગ રેલવે પ્રોજેક્ટ્સ વિશે સાંસદ હિબી એડન દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, રેલ્વે પ્રધાને ગૃહને જણાવ્યું હતું કે આ આંશિક રીતે રાજ્ય દ્વારા જમીન સંપાદન સંબંધિત મુદ્દાઓને કારણે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારી હિંમત પ્રેમ અપાવશે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે. કેટલાક માટે વ્યાવસાયિક ચડતી. મોબાઈલ ચલાવતા સમયે ઘણી વાર તમને સમય ની ખબર હોતી નથી.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે?



**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યાત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. લાંબા-ગાળાના દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે. નવા સંયુક્ત સાહસો તથા ભાગીદારી પર સહી-સિક્કા કરવાથી દૂર રહો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્?યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.



**મકર (ખ,જ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. એકબીજાના દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે. રૉમાન્સ માટે સારો દિવસ. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો.

## ન્યૂઝ બ્રિફ

### વડાપ્રધાન મોદી અને અદાણી અલગ નથી, એક જ છે : કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સંસદના શિયાળુ સત્રનો આજે ગુરુવારે નવમો દિવસ છે. આજે પણ ગૃહમાં ચર્ચા માટે ઘણા મહત્વપૂર્ણ બિલો મૂકવામાં આવશે. આ સિવાય વિપક્ષ સંભલ મુદ્દે પણ હંગામો મચાવી શકે છે. આ પહેલા સંસદ પરિસરમાં રાહુલ ગાંધી સહિત વિપક્ષી સાંસદો દ્વારા અદાણી મામલે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન રાહુલ ગાંધીએ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, '' મોદી ક્યારેય અદાણી સામે તપાસ નહીં કરાવે, કારણ કે જો તેઓ આમ કરશે, તો તેઓ પોતાની જ તપાસ કરાવશે. મોદી અને અદાણી અલગ નથી, એક જ છે.'' મંગળવારે રાજ્યસભાની કાર્યવાહી દરમિયાન ઘણી વખત હંગામો થયો હતો. હકીકતમાં, વિરોધ પક્ષો અદાણી લાંચ કાંડ, સંભલ અને ખેડૂતોના આંદોલન જેવા મુદ્દાઓ પર રાજ્યસભામાં ચર્ચાની માંગ કરી રહ્યા હતા, પરંતુ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે તેને ફગાવી દીધી હતી. આ પછી વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી મંગળવારે પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસના અન્ય કેટલાક નેતાઓ સાથે સંભલ જવા રવાના થયા હતા, પરંતુ તેમને ગાઝીપુર સરહદથી આગળ જવા દેવામાં આવ્યા ન હતા. આ અંગે મંગળવારે વિપક્ષી દળોએ ગૃહમાંથી વોકઆઉટ પણ કર્યું હતું. આવી સ્થિતિમાં આજે પણ આ અંગે હોબાળો થાય તેવી શકયતા છે.

### દીકરાએ જ માતા-પિતા અને બહેનની હત્યા કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીના દેવલી ગામમાં બુધવારે (ચોથી ડિસેમ્બર) સવારે એક યુવકે તેમના નિવૃત્ત આર્મી ઓફિસર પિતા, માતા અને બહેનની હત્યા કરી હતી. આરોપી પુત્ર અર્જુને પૂછપરછ દરમિયાન ઘણાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેણે જણાવ્યું હતું કે, 'પિતા સાથે મારા સંબંધો સારા ન હતા. હું બોક્સિંગના શોખીન હોવા છતાં મને અભ્યાસ પર ધ્યાન આપવા માટે દબાણ કરતા હતા. એક દિવસ પિતાએ મને બધાની સામે માર પણ માર્યો, ત્યારથી તે ખૂબ જ ગુસ્સામાં હતો. દરમિયાન જ્યારે મને ખબર પડી કે પિતા તમામ મિલકત મારી બહેનને આપવાને છે ત્યારે હું ગુસ્સે થઈ ગયો હતો અને ત્રણેયની હત્યા કરવાનું નક્કી કર્યું હતું. 'પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલ્યું કે, 'બહેન ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતી હતી, પહેલા તેની હત્યા કરી હતી. પછી જ્યારે હું પહેલા માળે મારા માતા-પિતાના રૂમમાં ગયો ત્યારે મારી માતા વોશરૂમમાં હતી. દરમિયાન પિતાની હત્યા કરી અને અંતે તેની માતાની હત્યા કરી. ત્યારપછી હું ચુપ ચાપ ત્યાંથી લગભગ ૫.૩૦ વાગ્યે મોર્નિંગ વોક માટે નીકળી ગયો. જ્યારે તે એક કલાક પછી પાછો આવ્યો અને પડોશીઓને બોલાવ્યા.'ગઈજ્યારે પોલીસે તપાસ શરૂ કરી તો ખબર પડી કે ળેન્ડલી એન્ટ્રી હતી. સીસીટીવી ફૂટેજ પણ ચેક કરવામાં આવ્યા અને આ દરમિયાન કોઈ બહારની વ્યક્તિ ઘરમાં આવતી કે જતી જોવા મળી ન હતી. આ પછી, જ્યારે પોલીસે પુત્રની પૂછપરછ કરી તો તેણે ઘણાં વિરોધાભાસી નિવેદનો આપ્યા.

### દુર્ઘટનામાં ૧નું મોત, 3 ઘાયલ

# હૈદરાબાદમાં 'પુષ્પા ૨'ના સ્ક્રિનિંગમાં નાસભાગ મચી

**પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યોઅલ્લુ અર્જુન બુધવારે રાત્રે હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં સ્ક્રીનિંગ માટે પહોંચ્યો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ફિલ્મ 'પુષ્પા ૨ઃ ધ રૂલ' દેશભરના સિનેમાઘરોમાં આવી ગઈ છે. અલ્લુ અર્જુનની ફિલ્મને લઈને ચાહકોમાં જબરદસ્ત ક્રેઝ છે. આ દરમ્યાન હૈદરાબાદના એક થિયેટરની બહાર મોટી દુર્ઘટના સર્જી હતી.હૈદરાબાદના સંધ્યા થિયેટરની બહાર રાત્રે નાસભાગ મચી ગઈ હૈદરાબાદના સંધ્યા થિયેટરની બહાર રાત્રે નાસભાગ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં સંખ્યાબંધ લોકો ઘાયલ થયા હતા. જેમાં એક મહિલાનું મોત થયું છે. ભીડમાં ચગદાઈ જવાને કારણે તેનું બાળક હોસ્પિટલમાં ગંભીર હાલતમાં છે. પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યોઅલ્લુ અર્જુન બુધવારે રાત્રે હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં સ્ક્રીનિંગ માટે પહોંચ્યો હતો. થિયેટરની બહાર એકઠા થયેલા ચાહકો તેને જોવાની કોશિશ કરી રહ્યા હતા, જેના કારણે બબાલ થઈ હતી, ધક્કા મુક્કી પણ સર્જી હતી, જેના કારણે સંખ્યાબંધ લોકો



પડી ગયા હતા, જેના કારણે કેટલાક ઘાયલ થયા. ઘટનાસ્થળેથી એક બાળકનો વીડિયો પણ સામે આવ્યોભીડને કાબૂમાં લેવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. ઘટનાસ્થળેથી એક બાળકનો વીડિયો પણ સામે આવ્યો છે, જે બેભાન અવસ્થામાં જોવા મળી રહ્યો છે. પોલીસ તેને ભાનમાં લાવવાનો પ્રયાસ કરી રહી છે. નાસભાગમાં બાળકની માતાનું મોત થયું છે. ૫૦૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી પુષ્પા ૨ વિવેચકો દ્વારા આ ફિલ્મને શાનદાર ગણાવવામાં આવી રહી છે. ફિલ્મમાં અલ્લુ ઉપરાંત રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસિલ મહત્વની ભૂમિકામાં છે. તેનું નિર્દેશન સુકુમાર દ્વારા કરવામાં આવ્યું છે. પુષ્પાના પહેલા ભાગે હલચલ મચાવી દીધી. અલ્લુની ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. લગભગ ૫૦૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી પુષ્પા ૨ ભારતની મોંઘી ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે. ચાલો જોઈએ કે પુષ્પા ૨ બિઝનેસના સંદર્ભમાં શું સફળતા મેળવે છે.પુષ્પા ૨ વિવાદમાં અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા ૨'ને લઈને હોબાળો થયો છે. ચાહકો 'પુષ્પા ૨' જોવા આતુર છે. દરમિયાન, પિક્ચર શોના સમય પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. હૈદરાબાદના સિનેમાઘરોમાં 'પુષ્પા ૨'નો શો સવારે ૩ વાગ્યે નિર્ધારિત કરવામાં આવ્યો છે. આનાથી નારાજ કન્નડ ફિલ્મ પ્રોડ્યુસર્સ એસોસિએશને બેંગલુરુ જિલ્લા કમિશનરને પત્ર લખ્યો હતો.

### દિલ્હીના ખૂણે ખૂણે ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે

## દિલ્હીની વીજળી અદાણીને ના આપી એટલે જેલમાં નાખી દીધોઃ કેજરીવાલ

**કેજરીવાલે વિધાનસભામાં કહ્યું, 'દિલ્હીની પાવર કંપનીઓને અદાણીને સોંપવા માટે દબાણ બનાવવામાં આવ્યું હતું'**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વિધાનસભામાં કહ્યું કે, જ્યારે હું સીએમ હતો ત્યારે મારા પર દિલ્હીની વીજ કંપનીઓ અદાણીને સોંપવાનું દબાણ કરવામાં આવ્યું હતું. જ્યારે મેં ના પાડી ત્યારે હું વિચારતો હતો કે કદાચ આ કારણે જ મને જેલમાં મોકલવામાં આવ્યો છે. ભાજપને મારો પડકાર છે કે તેઓ જાહેર કરે કે જો તેઓ સત્તામાં આવશે તો તેઓ અદાણીને પાવર કંપનીઓ નહીં સોંપે. તેઓએ (ભાજપ) દિલ્હીમાં મોટા પાયે મત કાપવાનું ષડયંત્ર શરૂ કર્યું છે, મારી પાસે પુરાવા અને સાક્ષીઓ છે. ૨ દિવસ રાહ જુઓ, હું તમને ખુલ્લા પાડીશ. હું દેશને કહીશ કે તમે મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચૂંટણી કેવી રીતે જીતી, તમે ઈમાનદારીથી ચૂંટણી જીતી નથી.'દિલ્હીના કાયદો અને વ્યવસ્થા પર બોલતા કેજરીવાલે કહ્યું કે, દિલ્હીની કાયદો અને વ્યવસ્થા ભાજપ માટે કોઈ મુદ્દો નથી. સામાન્ય માણસની સલામતીથી તેમને કોઈ ફરક પડતો નથી શું સામાન્ય માણસની જિંદગી વીઆઈપીના જીવ કરતાં ઓછી કિંમતી છે? હું ભાજપને કહું છું કે તમે ઈચ્છો તેટલા આમ આદમી પાર્ટીના ધારાસભ્યોની ધરપકડ કરો, મારા પર હુમલો કરો, પરંતુ હું સામાન્ય માણસની સુરક્ષાનો મુદ્દો ઉઠાવતો રહીશ.' અરવિંદ કેજરીવાલે અમૃતસરના સુવર્ણ મંદિર ખાતે શિરોમણી અકાલી દળના નેતા સુખબીર સિંહ બાદલ પરના હુમલાની નિંદા કરી અને મોટી દુર્ઘટનાને ટાળવા બદલ પંજાબ પોલીસની પ્રશંસા કરતા કહ્યું કે, પંજાબ પોલીસે માત્ર દુર્ઘટનાને ટાળી નથી, પરંતુ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું ઉદાહરણ પણ સ્થાપિત કર્યું. 'ગુજરાતમાં ડ્રગ્સની ફેક્ટરી, દિલ્હીમાં વેચાણ'કેજરીવાલે કહ્યું, 'ગુજરાત ડ્રગ્સનો અડ્ડો બની ગયું છે. અમે આ નથી કહી રહ્યા, ચૂંટણી પંચે કહ્યું છે કે, ગુજરાતમાં ખુલ્લેઆમ ડ્રગ્સની ફેક્ટરી ચાલી રહી છે. ગુજરાતમાંથી દિલ્હીમાં ડ્રગ્સ આવી રહ્યું છે. દિલ્હીના ખૂણે ખૂણે ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે. છેલ્લા ૫ વર્ષમાં નશાનું વ્યસન ઘણું વધી ગયું છે. આખી રાજધાની ગુંડાઓના કબજામાં છે.હું ચૂપ બેસીશ નહીં... કેજરીવાલે કહ્યું કે, 'રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થા ખતમ થઈ ગઈ છે.

### બ્રાયનને ઘણું લોહી વહી ગયું હતું

## અમેરિકાના ન્યૂયોર્કમાં યુનાઇટેડ હેલ્થકેરના સીઇઓ બ્રાયન થોમ્પસનની હત્યા

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૫ ।

અમેરિકાના ન્યૂયોર્કમાં યુનાઈટેડ હેલ્થકેરના સીઈઓ બ્રાયન થોમ્પસનની હત્યાપોલીસના જણાવ્યા અનુસાર, હત્યારાની ઓળખ કરવામાં આવી રહી છે, સીસીટીવી ફૂટેજ પરથી તેની શરૂઆત કરવાની તૈયારી કરવામાં આવી રહી છે.યુનાઈટેડ હેલ્થકેરના સીઈઓ બ્રાયન થોમ્પસનની અમેરિકાના ન્યૂયોર્કમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. તેને હિલ્ટન હોટલની બહાર ગોળી વાગી હતી, જેના પરિણામે તેનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી મુજબ, હત્યારો બાઈક પર આવ્યો હતો, તેણે મોઢા પર કાળો માસ્ક પહેર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ૫૦ વર્ષીય બ્રાયન થોમ્પસન પર તે સમયે હુમલો કરવામાં આવ્યો જ્યારે તે હિલ્ટન હોટલની બહાર ઉભા હતા.હત્યાકાંડ બાદ હોટલ અને આસપાસના એક કિલોમીટરથી વધુના સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં ખૂનીની પીઠ પર બેગ લટકેલી હોવાનું બહાર આવ્યું છે. તેની ઉંચાઈ ૫ ફૂટથી વધુ હતી. ન્યૂયોર્ક પોલીસના જણાવ્યા અનુસાર, હત્યારાએ બ્રાયનને છાતીમાં ગોળી મારી હતી. ગોળી માર્યા બાદ બ્રાયન અવઢવમાં જમીન પર પડ્યો હતો.બ્રાયનને ઘણું લોહી વહી ગયું હતું.મળતી માહિતી મુજબ, બ્રાયનને ગંભીર હાલતમાં નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યો હતો. ડોક્ટરોના જણાવ્યા અનુસાર બ્રાયનને ઘણું લોહી વહી ગયું હતું. તેમની છાતીમાં ગોળી વાગી હોવાને કારણે તેની ઘણી નસો ફાટી ગઈ હતી અને હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેનું મોત થઈ ગયું હતું. હત્યારાનો સ્કેચ બનાવવામાં આવી રહ્યો છેપોલીસના જણાવ્યા અનુસાર, હત્યારાની ઓળખ કરવામાં આવી રહી છે અને સીસીટીવી ફૂટેજ પરથી તેની તપાસ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે.

## ભૂવો ટાર્ગેટ વ્યક્તિ પાસે પહેલાથી સ્યૂસાઇડ નોટ લખાવી લેતો હોવાની શંકા

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

સરખેજ પોલીસની જાગૃતતાના કારણે એક ફેક્ટરી માલિકનો જીવ બચી ગયો છે. આ કેસમાં પોલીસે તાંત્રિક વિધિના નામે હત્યાની સાજિશ કરનાર ચાલબાઝ ભૂવા નવલસિંહ ચાવડાની ધરપકડ કરી હતી. આરોપી નવલસિંહ ચાવડા હાલ સાત દિવસના રિમાન્ડ પર છે. ત્યારે પોલીસ તપાસમાં આરોપી પાસેથી કાદર અલી નામના વ્યક્તિના નામની એક સ્યૂસાઈડ નોટ મળી આવી છે. આ વ્યક્તિ કોણ છે, તે જીવીત છે કે મૃત છે તે બાબતે પોલીસે તપાસ તેજ કરી છે. સાથે જ આરોપી જે વ્યક્તિને ટાર્ગેટ કરે તેની પાસે પહેલા આ પ્રકારની સ્યૂસાઈડ નોટ લખાવી લેતો હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી છે. બીજી બાજુ આરોપી ખૂબ જ ચાલાક હોવાથી કેટલીક કબૂલાત ન કરતો હોવાથી જરૂર પડ્યે તેનો નાર્કોટેસ્ટ કરવા તજવીજ હાથ ધરાશે. ત્યારે આ કેસમાં તેણે એક કડિયાનો પણ સંપર્ક સાધ્યો હોવાનું સામે આવ્યું છે. જેની તપાસ કરતા આરોપી નવલસિંહ ચાવડાએ અભિજીતસિંહને વઢવાણ લઈ જઈને વિધિ કરીને સોડિયમ નાઈટ્રેટ પાવડર પીવડાવીને મઢમાં જ દાટી દેવાનું પ્લાનિંગ કર્યું હોવાનું સામે આવ્યું છે. જો કે તેના આ પ્લાનિંગ પર પોલીસે પાણી ફેરવી દેતા ફેક્ટરી માલિકનો જીવ બચી ગયો હતો. ત્યારે હાલ પોલીસે આરોપીની અસલાલી અને સુરેન્દ્રનગરના કેસ બાબતે પણ પૂછપરછ હાથ ધરતા કેટલાક નવા ખુલાસા થઈ શકે છે. આરોપીએ ત્રણ પ્રકારના પ્લાનિંગ કર્યા હતાઆરોપી નવલસિંહ ચાવડા ખૂબ જ શાતિર છે. અભિજીતસિંહને શેલા રોડ પર જ આ પ્રવાહી પીવડાવી દીધા બાદ અકસ્માતમાં મોત નિપજે તે પ્રકારનું પ્લાનિંગ કર્યું હતું. બીજું પ્લાનિંગ એવું હતું કે અભિજીતસિંહને વઢવાણ ખાતેના મઢ પર લઈ જઈને વિધિ કરવાના બહાને ઝેરી પાવડર પીવડાવીને ત્યાં જ દાટી દેવાનો હતો. ત્રીજા પ્લાનિંગમાં એવું હતું કે અભિજીતસિંહના પ્લોટ પર જ તેમને લઈ જઈને તેમને આ પાવડર પીવડાવીને ત્યાંથી નીકળી જવા સુધીનું પ્લાનિંગ કર્યું હતું. આ ત્રણમાંથી એક યોજનાને અમલમાં લાવીને તે કામ પૂરું કરવાનો હતો.અસલાલી કેસના રિપોર્ટમાં પણ સોડિયમની હાજરીસૂત્રોના જણાવ્યા મુજબ બાતમી આપનારા જીગર ગોહિલના ભાઈનું વર્ષ ૨૦૨૧માં અસલાલી વિસ્તારમાં મોત નિપજ્યું હતું. પોલીસે અકસ્માતની ઘટનામાં મોત થયું હોવાનું માનીને તપાસ કરી હતી. જો કે મૃતકના શરીર પર ઈજાના નિશાન નહોતા કે બાઈક પર કોઈ નિશાન નહોતા. જેના રિપોર્ટમાં પણ સોડિયમની હાજરી જણાઈ હોવાથી પોલીસે આરોપીની તે બાબતે પૂછપરછ કરી છે.

## આદિજાતિ છાત્રોની શિષ્યવૃતિ ચાલુ નહીં કરાય તો આંદોલન

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાને રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર બહાર પાડીને રદ કરવાના વિરોધમાં ગાંધીનગરમાં બિરસા મુંડા કચેરી ખાતે વિદ્યાર્થીઓ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા હલ્લા બોલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૬૦ હજાર વિદ્યાર્થી સ્કોલરશીપથી વંચિત રહી જશે તેવો દાવો કરાયો હતો. આપના ધારાસભ્ય વસાવાએ એવી ચીમકી આપી હતી કે, સરકાર માગણી નહીં સ્વીકારે તો પાંચ દિવસ બાદ તમામ જિલ્લામાં આદિજાતિ વિકાસ કમિશનર કચેરીઓની તાળાબંધી કરાશે અને આદિવાસી વિદ્યાર્થીઓ સાથે ધરણાં પ્રદર્શન કરવામાં આવશે. તેમણે કહ્યું કે, આદિજાતિનું અલગ બજેટ છતાં સરકાર ૫૦૦થી ૬૦૦ કરોડ રૂપિયા શિષ્યવૃતિમાંથી કાઢીને પોતાના કાર્યક્રમોમાં વાપરી રહી છે. ૨૦૧૦થી જે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજના ચાલુ હતી તે પરિપત્ર બહાર પાડીને બંધ કરી દેવાઈ છે. અનેક વિદ્યાર્થીઓના એડમિશન જે કોલેજોએ મેનેજમેન્ટ ક્વોટામાં આપ્યા હતા તે પણ રદ કરી દેવાયા છે. ભાજપ સરકારની આદિજાતિ વિરોધી માનસિકતા છતી થઇ છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, શિષ્યવૃત્તિ હેઠળ મળવાપાત્ર મેનેજમેન્ટ ક્વોટાની શિષ્યવૃત્તિ સરકારે બંધ કરી દેતા હજ્જારો વિદ્યાર્થીનાં ભવિષ્ય સાથે ચેડાં કરાયા છે. સરકારની આ નીતિનો વિરોધ કરીને આગામી દિવસોમાં કાર્યક્રમો આપવામાં આવશે. હલ્લા બોલ કાર્યક્રમમાં આદિજાતિના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને સરકારની નીતિનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

## ભૂપેન્દ્રસિંએ ધરપકડથી બચવા કરી આગોતરા જામીન અરજી

**સાબરકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં ચર્ચાયેલ બીઝેડ પોન્ઝી સ્કીમ મામલામાં મોટો વળાંક આવ્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સાબરકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં ચર્ચાયેલ બીઝેડ પોન્ઝી સ્કીમ મામલામાં મોટો વળાંક આવ્યો છે. આ કૌભાંડમાં લાખો લોકોના રૂપિયાનું પાણી થઈ ગયું છે. આ કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ પોતાની ધરપકડ થતી અટકાવવા માટે અમદાવાદ જિલ્લા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીનની અરજી કરી છે. આ




અરજી પર આગામી ૬ ડિસેમ્બરે સુનાવણી હાથ ધરવામાં આવશે. બીઝેડ કૌભાંડમાં ૬૦૦૦ કરોડ રૂપિયાની રકમની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ૫ થી ૨૫ ટકા વળતર આપવાની લાલચ આપી લોકો પાસેથી રૂપિયા ઉઘરાવ્યા હતા અને પછી ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસે તેની સામે રેડ કોર્નર નોટિસ પણ બહાર પાડી છે.આ કૌભાંડમાં લાખો લોકો છેતરાયા છે. લોકોએ પોતાની જીવનભરની બચત ગુમાવી દીધી છે. આ કૌભાંડથી ગુજરાતના અનેક પરિવારો તૂટી ગયા છે.

## વિશેષ

### ગુજરાતમાં NEP-2020 અમલીકરણ એ વિકસિત ભારતના વિકાસ પથનો પાયો છે : પ્રફૂલ્લ પાનશેરિયા

# NEP-2020 ભારતના ૧૪૦ કરોડ નાગરિકોની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે : મંત્રી ઋષિકેશ પટેલ

**GSIRF 2023-24 હેઠળ ફાઈવ સ્ટાર પ્લસ અને ફાઈવ સ્ટારનું રેટિંગ પ્રાપ્ત ગુજરાતની ટોપ ૧૬ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા**

। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયાસોના ભાગરૂપે ૩૪ વર્ષ બાદ, પાંચ વર્ષના વ્યાપક વિચાર-વિમર્શ તેમજ લાખો સૂચનો ઉપર લાંબા મંથન પછી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને તૈયાર કરી અમલી બનાવવામાં આવી છે. આ નીતિની આજે દેશભરમાં વ્યાપક ચર્ચા ચાલી રહી છે. અલગ-અલગ ક્ષેત્રો-વર્ગ વિચારધારાના લોકો આ નીતિ અંગે પોતાના વિચારો રજૂ કરી રહ્યા છે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સમીક્ષા કરી રહ્યા છે. આ નીતિનો ચારે બાજુથી સ્વીકાર એ જ દર્શાવે છે કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના ૧૪૦ કરોડ લોકોની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે તેમ, ગાંધીનગર ખાતે વાઈસ ચાન્સેલર સમિટને સંબોધતા ઉચ્ચ અને તકનીકી શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે આજે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષસ્થાને તેમજ રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફૂલ્લ પાનશેરિયાની ઉપસ્થિતિમાં એક દિવસીય 'વાઈસ ચાન્સેલર્સ સમિટ ઓન NEP-2020' યોજાઈ હતી.

મંત્રી શ્રી ઋષિકેશભાઈએ કહ્યું હતું કે, ભારતે વિકાશીલ દેશમાંથી વિકસિત દેશોની હરોળમાં સ્થાન મેળવવા માટે વૈશ્વિક કક્ષાની શિક્ષણ વ્યવસ્થા ઉભી




કરવી પડશે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૧મી સદીના ભારતનો, એક નવા ભારતનો પાયો તૈયાર કરવાની છે. ૨૧મી સદીના ભારતને, આપણાં યુવાનોને જે રીતનું શિક્ષણ આપવું જોઈએ, જે પ્રકારના સંસ્કારની સાથે કૌશલ્ય પૂરાં પાડવા જોઈએ તે બાબતો ઉપર આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, યુનિવર્સિટીઓ અને તેની સંલગ્ન કોલેજો નવી શિક્ષણ નીતિ મુજબ પોતાની ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાની નીતિ-અભ્યાસક્રમ નક્કી કરશે તો ઈચ્છિત પરિણામ મેળવી શકાશે. નવી નીતિમાં માત્ર ઉચ્ચ શિક્ષણ નહી પણ પ્રાથમિક શિક્ષણને પણ વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

આ નીતિના અમલમાં પડતી મુશ્કેલીઓ, પડકારો અને સમાધાનો માટે મુદ્દાસર પ્રયાસો કરવા પડશે છે આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુખ્ય પાંચ પાયા પર રચાયેલી છે જેમાં એક્સેસ-બધાને તક, ઈક્વિટી-સમાનતા, એકાઉન્ટેબીલિટી- જવાબદેહિતા, એફોર્ડેબીલીટી- બધાને પોસાય તેવું શિક્ષણ તેમજ એક્સેલન્સ-ઉત્કૃષ્ટતાનો સમાવેશ થાય છે. આ નીતિમાં આપણને જે પહેલું લક્ષ્ય આપવામાં આવ્યું છે તે છે એક્સેસ. વધુમાં વધુ લોકોને ઉચ્ચ શિક્ષણ મેળવવાની તક આપવી. ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે કોલેજો અને યુનિવર્સિટીઝમાં એનરોલ્મેન્ટ દર વધારવા વર્ષ : ૨૦૩૫ સુધી આપણો ય્ઈઈ ૫૦ ટકા સુધી લઈ જવાનો છે, તે આ નીતીનું પહેલું લક્ષ્ય છે.અત્યારે આપણા દેશનો GER ૨૯ ટકા છે. આપણા રાજ્ય ગુજરાતનો ય્ઈઈ પણ છે. હવે આપણે તેને ૫૦% સુધી લઈ જવાનો છે. એટલે કે દસ વર્ષમાં ય્ઈઈ ડબલ કરવાનો છે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતુ.

મંત્રીશ્રીએ કુલપતિઓને આહ્વાન કરતા કહ્યું હતું કે, યુનિવર્સિટીમાં યોજાતા પદવીદાન સમારંભોમાં આસપાસની શાળાના વિદ્યાર્થીઓને આમંત્રિત કરવા જોઈએ. જેથી તે શાળાનું નાનું બાળક મોટું સપનું જોઈ શકે. આપણો પદવીદાન તે બાળક માટે પ્રેરણાદાયક બની શકે. મંત્રીશ્રીએ ઉપસ્થિત તમામ વાઈસ ચાન્સેલર્સને મહત્વની કામગીરી સોંપતા કહ્યું કે, યુનિવર્સિટી પોતાનો ગોલ નક્કી કરે અને વર્ષ દરમિયાન તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરે. આવતી મીટીંગમાં આવો ત્યારે તમારી યુનિવર્સિટીનો હાલનો GER અને તેને વધારવા માટે તમે આવતા પાંચ વર્ષમાં શું-શું કરવાના છો તેની નક્કર વિગતો- પરફેક્ટ પ્લાનિંગ લઈને આવશો તે રોડમેપ તૈયાર કરો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, હવે નવી નીતિમાં તો મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝીટની વાત છે. નવી નીતિમાં તો મલ્ટીડીસીપ્લીનરી શિક્ષણની વાત છે. નવી નીતિમાં તો ભારતીય જ્ઞાન પરંપરાની વાત છે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે AI (Artificial Techonolgy) જેવી ટેક્નોલોજી, જે ગઈકાલ સુધી વિજ્ઞાન સાહિત્યમાં હતી, તે હવે આપણા જીવનનો એક ભાગ બની રહી છે. રોબોટિક્સ અને ડ્રોન ટેક્નોલોજી આપણા દરવાજા પર ખટખટાવી રહી છે. તેથી, આપણે જૂના વિચારોમાંથી બહાર નીકળીને નવા ક્ષેત્રોમાં વિચારવું પડશે. મંત્રીશ્રી કહ્યું હતું કે, દેશનું ટેલેન્ટ આજે વિદેશોમાં જઈને તેની આગવી ઓળખ ઉભી કરી છે. વૈશ્વિક કક્ષાની આઈ.ટી. કંપનીઓ ભારતીય વિદ્યાર્થીઓનો દબદબો છે. ભારતનું આ ટેલેન્ટ ભારતના વિકાસમાં કાર્યરત રહીને દેશને વિકસિત દેશોની હરોળમાં સ્થાન અપાવે તે માટે આપણે સૌએ વિશેષ પ્રયાસો કરવા પડશે તો જ નવી શિક્ષણ નીતિનો હેતુ સર થશે. હાલમાં દર વર્ષે ભારતના ૮ લાખ યુવાનો વિદેશ ભણવા માટે જાય છે અને બહારથી માત્ર ૪૫ હજાર વિદ્યાર્થીઓ દર વર્ષે ભારતમાં ભણવા આવે છે. આ સ્થિતિને જોતા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિશ્વની ટોપ ૧૦૦ રેંક ધરાવતી યુનિવર્સિટીઓને તેમના કેમ્પસ ભારતમાં સ્થાપવા માટે આમંત્રિત કરવાની વાત કરી છે.

**ન્યૂઝ બ્રિફ**

## રાજસ્થાનની ST બસની ટક્કરે એકટીવા ચાલક આધેડનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે ફરી એક વાર અમદાવાદમાં અકસ્માતની ઘટના બની છે. વીએસ હોસ્પિટલ પાસે રાજસ્થાનની ST બસે ૬૫ વર્ષીય આધેડને અડફેટે લેતા ઘટના સ્થળે જ મોત નિપજ્યુ છે. પ્રાથમિક માહિતી મુજબ ST બસ જોધપુરથી અમદાવાદ આવી રહી હતી તે સમયે વીએસ હોસ્પિટલ નજીક મૂળ શાહપુરના રહેવાસી મયંક શાહને અડફેટે લેતા કમકમાટી ભર્યું મોત નિપજ્યું છે. બીજી તરફ ગઈકાલે અમદાવાદ નજીક બગોદરા વટામણ હાઈવે પર ફરી એક અકસ્માતની ઘટના બની હતી. ખાનગી લકઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

## જામનગરમાં બાઈકના શો રૂમના પાર્કિંગમાં આગનો બનાવ

। (એજન્સી) જામનગર, તા.૫ ।

જામનગરમાં શરૂ સેક્શન રોડ પર બાઈકના શો રૂમના પાર્કિંગના ભાગમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. જેમાં જનરેટરમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, આગ લાગતાં નાશ ભાગ થઈ હતી, અને ઉપરના બિલ્ડિંગના ભાગમાં રહેતા લોકો બહાર નીકળી ગયા હતા. જોકે ફાયરની ટુકડીએ તુંરતજ પહોંચી જઈ આગને કાબુમાં લઈ લેતાં સર્વેએ હાશકારો અનુભવ્યો હતો. આગના આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શરૂ સેક્શન રોડ પર બાઈકના શો રૂમવાળા બિલ્ડિંગમાં કરણ રેસીડેન્સીના સેલરમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. સેલરના ભાગમાં મોટું જનરેટર મૂકવામાં આવ્યું છે, જ્યાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી અને ધુમાડાના ગોટેગોટા સેલરમાંથી બહાર નીકળી રહ્યા હતા.

### ભારત-પાકિસ્તાનના નૌકાદળનું દિલધડક રેસ્ક્યૂ

# પાકિસ્તાનની મદદથી ૧૨ ભારતીયને બચાવવામાં આવ્યા

**પોરબંદરથી એક વેપારી જહાજ ઈરાનના અબ્બાસ બંદરે જઈ રહ્યું હતું ત્યારે જહાજ ઉત્તર અરબી સમુદ્રમાં ડૂબી ગયું હતું**

। (એજન્સી) પોરબંદર, તા.૫ ।

ભારતીય કોસ્ટ ગાર્ડે ગુજરાતના એક વેપારી જહાજના ૧૨ ક્રૂ સભ્યોને બચાવ્યા છે. પોરબંદરથી એક વેપારી જહાજ ઈરાનના અબ્બાસ બંદરે જઈ રહ્યું હતું ત્યારે જહાજ ઉત્તર અરબી સમુદ્રમાં ડૂબી ગયું હતું. અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે 'MSV અલ પીરાનપીર' જહાજ બુધવારે ભારતીય જળસીમાની બહાર પાકિસ્તાનના શોધ અને બચાવ ક્ષેત્રમાં ડૂબી ગયું હતું. તેથી, ભારતીય કોસ્ટ ગાર્ડે પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સી (PMSA) સાથે મળીને બચાવ કામગીરી હાથ ધરી હતી. બચાવ મિશનમાં ભારતીય કોસ્ટ ગાર્ડ અને PMSA વચ્ચે ગાઢ સહયોગ જોવા મળ્યો હતો, જેમાં બંને દેશોના મેરીટાઈમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર્સ (MRCC) સમગ્ર ઓપરેશન દરમિયાન સતત સંચાર જાળવી રાખતા હતા. આ વેપારી જહાજ પોરબંદરથી ઈરાની બંદર માટે ૨ ડિસેમ્બરે સામાન્ય કાર્ગો સાથે રવાના થયું હતું. બુધવારે સવારે દરિયામાં તોફાન અને પૂરના કારણે તે ડૂબી ગયું હતું. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના MRCC, મુંબઈ દ્વારા એક ડિસ્ટ્રેસ કોલ આવ્યો હતો, જેણે ગાંધીનગર ખાતેના ICG રિજનલ હેડક્વાર્ટર (ઉત્તર પશ્ચિમ)ને તાત્કાલિક ચેતવણી આપી હતી. ICG જહાજ સાર્થકને તાત્કાલિક નિર્ધારિત સ્થળે મોકલવામાં આવ્યું હતું. આ વિસ્તારના ખલાસીઓને ચેતવણી આપવા માટે એમઆરસીસી પાકિસ્તાનનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમની સહાય તરત જ પૂરી પાડવામાં આવી હતી. બાદમાં, જહાજ સંભવિત સ્થાન પર પહોંચ્યું અને વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. વધુમાં જાણવા મળ્યું હતું કે, ૧૨ ક્રૂ સભ્યો, જેમણે તેમના જહાજને છોડી દીધું હતું અને નાની હોડીમાં આશ્રય લીધો હતો, તેઓને દ્વારકાથી લગભગ ૨૭૦ કિમી પશ્ચિમમાં, પાકિસ્તાનમાં શોધ અને બચાવ વિસ્તારમાંથી શોધી કાઢવામાં આવ્યા હતા. પીએમએસએ એરક્રાફ્ટ અને વેપારી જહાજ એમવી કોસ્કો ગ્લોરી દ્વારા બચી ગયેલા લોકોની શોધમાં મદદ કરવામાં આવી હતી. બચાવ કરાયેલા ક્રૂ મેમ્બર્સની સાર્થક પરની મેડિકલ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને તેઓની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું હતું. તેઓને પોરબંદર બંદર પર પાછા લઈ જવામાં આવી રહ્યા છે, એમ એક પ્રેસ રિલીઝમાં જણાવાયું છે.




### વેપારી અને ઉદ્યોગપતિઓને ધમકાવી તોડ કરતા

# હવે કચ્છમાંથી નકલી EDની ટીમ ઝડપાઈ, રેડ પાડી મોટો તોડ કરતા, ૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત



। (એજન્સી) કચ્છ, તા.૫ ।

ગુજરાતમાં નકલી જજ, કોર્ટ, પોલીસ, PMO અધિકારી સહિત નકલીની ભરમાર વચ્ચે કચ્છમાંથી નકલી એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ED) અધિકારીની ટીમ ઝડપાઈ છે. આ નકલી EDની ટીમ મોટા વેપારી અને ઉદ્યોગપતિઓને ધમકાવી તોડ કરતા હોવાની જાણકારી મળી છે.

ઉલ્લેખનીય છે કે પૂર્વ કચ્છ LCB અને એ ડિવિઝન દ્વારા નકલી EDની ગેંગના આઠથી વધુ શખસોને ઝડપી પાડ્યા હોવાના જાણકારી મળી રહી છે. કચ્છના ગાંધીધામ સહિતના વિસ્તારોમાં EDના નકલી અધિકારીઓ વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શિકાર બનાવતા હતા. સમગ્ર મામલે પૂર્વ કચ્છ પોલીસને જાણ થઈ હતી. જેમાં એલસીબીએ અમદાવાદ, ભુજ અને ગાંધીધામ સહિતના આઠથી વધુ શખસોને ઝડપી પાડ્યા હોવાની જાણકારી મળી છે. જો કે, પોલીસ દ્વારા આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી. જ્યારે રાજ્યમાં EDના નકલી અધિકારીઓની ગેંગ ઝડપાતાં AAPના ગોપાલ ઈટાલિયાએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'મને તો આજ અસલી લાગે છે, કમસે કમ આ લોકોએ તો ગુજરાતમાં દરોડા પાડવાની હિંમત કરી.'

### રાજ્ય સરકારનો મોટો નિર્ણય

# ૧/૧/૨૪ થી નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીઓને હવે મળશે આ લાભ

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

ગુજરાત સરકારે એક મોટો નિર્ણય લેતા કર્મચારીઓને મોટી ભેટ આપી છે. તેના અધિકારીઓ અને કર્મચારીઓના હિતોને ધ્યાનમાં રાખીને રાજ્યની ભૂપેન્દ્ર પટેલ સરકારે નિવૃત્તિ અને મૃત્યુ ગ્રેચ્યુઈટીની મર્યાદા ૨૫ ટકા વધારીને ૨૫ લાખ રૂપિયા કરી છે. મહત્વનું છે કે, અગાઉ ગુજરાત સરકારના કર્મચારીઓને નિવૃત્તિ પર નિવૃત્તિ અને મૃત્યુ ગ્રેચ્યુઈટી તરીકે માત્ર ૨૦ લાખ રૂપિયાની મહત્તમ મર્યાદા ચૂકવવામાં આવતી હતી. સરકારના આ નિર્ણયથી હવે ગુજરાતના સરકારી કર્મચારીઓને ૨૫ લાખ રૂપિયા સુધીની ગ્રેચ્યુઈટી આપવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ગુજરાતના લાખો કર્મચારીઓને ફાયદો થશે. ગુજરાત સરકારના આ નિર્ણય બાદ રાજ્યના સરકારી કર્મચારીઓને કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેટલી ગ્રેચ્યુઈટી મળશે. રાજ્ય સરકારના કર્મચારીઓની ગ્રેચ્યુઈટી વધારવાના નિર્ણયને કારણે ગુજરાત સરકારે દર વર્ષે ૫૩.૧૩ કરોડ રૂપિયા વધારાનો ખર્ચ કરવો પડશે.

**વરસાદ ખાબકતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું**

# વલસાડ પંથકના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં ઠંડીની શરૂઆત થઈ છે ત્યાં તો વલસાડ પંથકના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. વલસાડ જિલ્લા ધરમપુર, ગોરખડા, મોહપાડા, આવધા, રાજપુર સહિતના આંતરિયાળ વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબકતાં ભરશિયાળામાં ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. શિયાળાની સિઝનમાં વરસાદ આવતા વલસાડ જિલ્લાના ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. કારણ માવઠાના લીધે શિયાળુ પાકને નુકસાન પહોંચવાની ભિતિ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે કસોમસમી વરસાદની આગાહી કરી હતી. છઠ્ઠી ડિસેમ્બર બાદ તાપ માન ૧૪થી નીચે જતાં ઠંડી વધશે.

### મામલો ગરમાતા પોલીસ બોલાવવાની પડી ફરજ

# વડોદરામાં મલ્ટિપ્લેક્સ થિયેટરમાં ફિલ્મ જોવા માટે તોફાન થયું હતું

। (એજન્સી) વડોદરા, તા.૫ ।

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારના યુવા મોલ માં આવેલા મલ્ટિપ્લેક્સ થિયેટરમાં આજે સવારે ૦૬:૦૦ વાગ્યાનો પુષ્પા પિક્ચરનો શો હતો પરંતુ તેને પ્રિન્ટ મોડી આવવાને કારણે બે કલાક સુધી શો શરૂ થયો નહીં જેથી પ્રેક્ષકોએ હોબાળો મચાવી ટિકિટના પૈસા પરત માંગ્યા હતા. તો બીજી બાજુ થિયેટરના સંચાલકોએ પોલીસ બોલાવવાની ફરજ પડી હતી જેથી મામલો શાંત પડ્યો હતો. દક્ષિણ ભારતના ફિલ્મી કલાકાર અલ્લુ અર્જુનનું પુષ્પા પિક્ચર થોડા વર્ષ અગાઉ સફળતા મેળવી હતી. ત્યારબાદ આજે સમગ્ર દેશમાં પુષ્પા ભાગ બે રિલીઝ થયું હતું. જેના શો ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાથી જ શરૂ થઈ ગયા હતા અને ટિકિટના દર પણ રોજબરોજ કરતા ત્રણ ગણા રાખવામાં આવ્યા હતા. તે રકમ ચૂકવીને પણ પુષ્પા ભાગ બે ફિલ્મ જોવા માટે આજે વહેલી સવારે યોજાયેલા શોમાં પડાપડી થઈ ગઈ હતી પુષ્પા ભાગ બે નો શો આજે વહેલી સવારે ૦૬:૦૦ વાગે વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલા યુવા મોલના થિયેટરમાં રાખવામાં આવ્યો હતો.

